આજનો સુવિચાર
અહિંસા વિના મનુષ્યના જીવનમાં સુખ નથી આવતું.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૮૪ જૂનાગઢ તા.૨૧-૭-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 184, Junagadh : Date : 21 July, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### સજા પર સ્ટેની માંગણી કરતી

## રાહુલ ગાંધીની અરજી પર સુપ્રિમ કોર્ટ ૪ ઓગષ્ટે વધુ સુનાવણી કરશે : પક્ષકારોને નોટીસ

નવી દિલ્હી તા. ૨૧

સુપ્રીમ કોર્ટ આજે મોદી સરનેમ ટીપ્પણી સંબંધિત માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અરજી પર સુનાવણી કરી હતી. જે દરમ્યાન સુપ્રિમ કોર્ટે રાહુલ ગાંધીનાં કેસની ૪ ઓગષ્ટે વધુ સુનાવણી કરશે તેવું જણાવ્યું હતું. તેમજ સંબંધિત પક્ષકારોને નોટીસ પણ જારી કરી હતી. અગાઉ ગુજરાત હાઈકોર્ટે રાહુલ ગાંધીની સજા પર સ્ટે મૂકવાની અરજીને ફગાવી દીધી હતી. આ પછી રાહુલ ગાંધીએ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ પીકે મિશ્રાની બેંચ આ મામલે સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેન્ચે ૧૮ જુલાઈના રોજ વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીને આ બાબતનો ઉલ્લેખ કરીને અને તાત્કાલિક સુનાવણીની માંગણી કર્યા પછી રાહુલ ગાંધીની અરજી સાંભળવા માટે સંમત થયા હતા. તેમની અપીલમાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે જો ૭ જુલાઈના ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે નહીં મુકવામાં આવે તો તે વાણી, અભિવ્યક્તિ, વિચાર અને નિવેદનની સ્વતંત્રતાને ગળે ટૂંપો આપી દેવા જેવું થશે.

## પીપાવાવ નજીક માલગાડીની હડફેટે સિંહનું મોત

રાજુલા તા. ૨૧

અમરેલીનાં રાજુલા નજીક પીપાવાવ પોર્ટ નજીક બનેલી ઘટનામાં માલગાડીની હડફેટે એક સિંહનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળે છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ પીપાવાવ - રાજુલા વચ્ચે બનેલી ઘટનામાં માલગાડી પસાર થઈ રહી હતી ત્યારે ચાર સિંહોનું એક જૂથ રેલ્વે લાઈન ક્રોસ કરી રહયું હતું જે દરમ્યાન એક સિંહ માલગાડીની હડફેટે ચડી જતાં સિંહનું મોત થયું હતું જો કે માલગાડીનાં ડ્રાઈવરે સમય સુચકતા વાપરીને ઈમરજન્સી બ્રેક મારતા અન્ય બે સિંહોનો બચાવ થયો હતો. માલગાડીની હડફેટે સિંહનું મોત થયું હોવાની જાણ થતાં અમરેલી વન વિભાગનાં સત્તાવાળાઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને સિંહના મૃતદેહનો કબ્જો લઈ તેમને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવેલ છે. માલગાડીની હડફેટે સિંહનું મોત થતાં વન્યપ્રાણી અને પર્યાવરણ પ્રેમીઓમાં આઘાતની લાગણી વ્યાપી જઈ છે. અગાઉ પણ પીપાવાવ, રાજુલા, સાવરકુંડલા રેલ્વે ટ્રેક ઉપર માલગાડીની હડફેટે સિંહોનાં મૃત્યુઓની ઘટના બની ચુકી છે.

# મણિપુરમાં વધુ પાંચ મહિલાઓ પર અત્યાચાર થયો હોવાનો ઘટસ્ફોટ

ઈમ્ફાલ તા. ૨૧

મણિપુરમાં છેલ્લા બે મહિનાથી વધુ સમયથી હિંસા ચાલી રહી છે. દરમિયાન બે મહિલાઓની નિર્વસ્ત્ર પરેડનો વીડિયો સામે આવ્યા બાદ રાજયમાં ફરી તણાવ વધી ગયો છે. આ ઘટનાને લઈને સમગ્ર દેશ ભારે ગુસ્સામાં છે અને લોકો કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આ દરમિયાન મણિપુરના ૧૦ ધારાસભ્યોએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. આ ધારાસભ્યોએ નિવેદન જારી કરીને દાવો કર્યો છે કે વધુ પાંચ મહિલાઓ સાથે આવી ઘટનાઓ બની છે. આમાંથી ત્રણ મહિલાઓ એવી છે, જેમની સાથે અલગ-અલગ સમયે બળાત્કારનો દાવો પણ કરવામાં આવ્યો છે. છેલ્લા અઢી મહિનાથી ચાલી રહેલી હિંસા દરમિયાન આ ઘટનાઓ બની છે. નિવેદન જારી કરનારા ધારાસભ્યો માંના એક લાલિયાંગ માંગ ખૌતેએ પણ પુષ્ટિ કરી કે આવી ઘટનાઓ બની છે. અન્ય એક ધારાસભ્ય, લેટપાઓ હાઓકીપે પણ આવી ઘટનાઓ વિશે વાત કરી છે. તેણે કહ્યું કે અમારી પાસે આવી ઘટનાઓનો વીડિયો નથી. પરંતુ છેલ્લા બે મહિનામાં રાજયમાં આવી ઘટનાઓ બની છે. અમે આ અંગે પીડિતાના પરિવારજનો સાથે વાત કરી છે અને તેના આધારે નિવેદન બહાર પાડ્યું છે. જોકે, ધારાસભ્યોએ તેમના દાવાના સમર્થનમાં કોઈ વિગતવાર માહિતી આપી નથી. પોલીસ દ્વારા પણ આવા કિસ્સાઓની પુષ્ટિ કરવામાં આવી નથી. ધારાસભ્યોએ સરકાર પાસે માંગ કરી છે કે આ કેસોની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવે. દરમિયાન, વીડિયો સામે આવ્યા બાદ રાજયમાં નવેસરથી રોષ ફાટી નીકળ્યો છે.

## મહિલાઓની નગ્ન પરેડ કરનાર મુખ્ય આરોપીનાં ઘરને લોકોએ ફુંકી માર્યુ : કુલ ચાર આરોપીઓની ધરપકડ




ઈમ્ફાલ તા. ૨૧

મણિપુરમાં મહિલાઓની નગ્ન પરેડ કરાવ્યા બાદ તેમના પર સામૂહિક દુષ્કર્મમાં સામેલ મુખ્ય આરોપીઓમાંથી એકનું ઘર ટોળાએ સળગાવી દીધું છે. આ ઘટના ચેકમાઈ વિસ્તારમાં બની છે. એકાએક ટોળાએ આરોપીના ઘરને આગ ચાંપી દીધી હતી. તેનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. મુખ્ય આરોપીનું નામ હુયરુમ હીરોદાસ છે.

મણિપુરની મહિલાઓને નગ્ન કરીને તેમની પરેડ કરાવતો અને તેમની સાથે અભદ્રતા કરતો વીડિયો વાયરલ થયા બાદથી સમગ્ર દેશમાં રોષ ભભૂકી ઉઠયો છે. આ મામલે મુખ્ય આરોપી હુયરુમ હીરોદાસની પોલીસે ગુરુવારે થૌબલ જિલ્લામાંથી ધરપકડ કરી હતી.

હીરોદાસ ૩૨ વર્ષનો છે. પોલીસે વાયરલ વીડિયો પરથી તેની ઓળખ કરી હતી, જેમાં તે ગ્રીન ટી-શર્ટ પહેરેલો જોવા મળી રહ્યો છે. મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર હીરોદાસ આ કેસમાં મુખ્ય આરોપી છે. આ વાયરલ વીડિયોના આરોપીઓને પકડવા માટે પોલીસની ૧૨ ટીમો બનાવવામાં આવી છે. તેને પકડવા માટે પોલીસની ટીમો સતત દરોડા પાડી રહી છે. આ મામલામાં અત્યાર સુધી કુલ ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

## દિલ્હીમાં કેજરીવાલ સરકાર હવે ખાંડ પણ મફતમાં આપશે

નવી દિલ્હી તા. ૨૧

કેજરીવાલ સરકાર હવે દિલ્હીમાં ગરીબીમાં જીવતા પરિવારોને મફતમાં ખાંડ આપશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અધ્યક્ષતા હેઠળ દિલ્હી કેબિનેટે આ નિર્ણય લીધો છે. દિલ્હીના લોકોને મફત ખાંડ આપવાના પ્રસ્તાવને કેબિનેટમાં મંજૂરી આપવામાં આવી છે. કેજરીવાલ સરકારના જણાવ્યા અનુસાર, સરકારના આ પગલાનો હેતુ દિલ્હીના ગરીબ પરિવારોને જીવન નિર્વાહ માટે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તે ઘટાડવાનો છે. બધા માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે.

વર્તમાન આર્થિક સ્થિતિ અને મોંઘવારીથી ઉદ્‌ભવતા પડકારોને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે નિર્ણય લીધો હતો કે કોઈને પણ ખાદ્ય અસુરક્ષાનો સામનો કરવો ન પડે. આ પ્રયાસ હેઠળ, એપ્રિલ ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦ સુધી PDS લાભાર્થીઓને NFSA રાશનનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. બાદમાં તેને મે ૨૦૨૧ થી મે ૨૦૨૨ સુધી લંબાવવામાં આવ્યું હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યુ : અધિકારીઓ સાથે બેઠક યોજી સમિક્ષા કરશે

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લામાં છેલ્લા એક સપ્તાહથી પડી રહેલા અતિભારે વરસાદથી આ બંને જીલ્લામાં અતિવૃષ્ટીની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જૂનાગઢ જીલ્લામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ પડી ચુકયો છે. જીલ્લાનાં સંખ્યાબંધ ગામો ખાસ કરીને ઘેડ વિસ્તારમાં પુરનાં પાણી ફરી વળ્યા છે. આવીજ પરિસ્થિતિ ગીર સોમનાથ જીલ્લામાં પણ સર્જાયેલ છે. ગીર સોમનાથ જીલ્લાનાં વેરાવળ, ઉના, કોડીનાર, તાલાળા, સુત્રાપાડાનાં અનેક ગામોમાં પુરનાં પાણી ફરી વળ્યા છે ત્યારે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરવામાં આવી રહયું છે. હવાઈ નિરીક્ષણ બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જૂનાગઢ ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજી પુરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિની સમિક્ષા કરશે.

### એક સાથે ૯ જીંદગીનો ભોગ લેનાર

## ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરાશે

અમદાવાદ તા. ૨૧

ઈસ્કોન બ્રિજ ખાતે થયેલા ભયાનક અકસ્માતમાં આરોપી તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સહિત કારમાં સવાર તમામને આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ મામલે પોલીસ દ્વારા રિમાન્ડની માંગણી કરવામાં આવશે. ગઈકાલે મુખ્ય આરોપી તથ્ય પટેલ અને તેના પિતા સહિત પાંચ લોકોની પોલીસે અટકાયત કરી હતી અને પોલીસે માનવ વધનો ગુનો દાખલ કર્યો હતો.

આ કેસમાં ગઈ કાલે પોલીસે બાપ દિકરાને સાથે રાખીને જ્યાં અકસ્માત થયો હતો ત્યાં જ ઘટનાનું રિકન્સ્ટ્રકશન કર્યું હતું. જે જગ્યાએ કાર અથડાવીને લોહીના ખાબોચિયાં ભર્યા હતા ત્યાં જ બાપ-દીકરાએ કાન પકડીને જાહેરમાં ઉઠકબેઠક કરી અને માફી માંગી હતી. આ કેસને મોસ્ટ સીવીયર અને મોસ્ટ અર્જન્ટ કેસ તરીકે ટ્રીટ કરીને એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ કરવા તેમજ ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની કાર્યવાહી કરવામાં આવશે. તેના માટે પબ્લિક પ્રોસિક્યુટરની નિમણુંક કરવામાં આવશે. આ ઉપરાંત FSLના રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે કારની સ્પીડ ૧૬૦ કી.મી.ની હતી.





## સ્વિડને ફરીવાર કુરાન સળગાવવાની મંજુરી આપતા ઈરાકમાં સ્વીડીસ દૂતાવાસમાં આગજની

નવી દિલ્હી, તા. ૨૧

સ્વીડનમાં ફરી એકવાર કુરાન સળગાવવાની મંજૂરી આપવામાં આવી છે જેની વિરૂધ્ધમાં ઈરાકની રાજધાની બગદાદમાં સ્વીડિશ દૂતાવાસ ખાતે ઉગ્ર દેખાવો થયા છે. દેખાવો બાદ હવે ઈરાક સરકારે એક નિવેદન જારી કરીને મોટી જાહેરાત કરી છે. સ્વીડનમાં ફરીથી કુરાન સળગાવવાની પરવાનગી મળ્યા બાદથી ઈસ્લામિક દેશ ઈરાક અને સ્વીડન વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ જોવા મળી રહ્યો છે.

ગુરુવારે સવારે ઈરાકની રાજધાની બગદાદમાં સ્વીડિશ દૂતાવાસને વિરોધીઓએ નુકસાન પહોંચાડ્યું હતું અને પરિસરમાં પણ આગ લગાવી દીધી હતી. હવે એવા અહેવાલ છે કે, ઘટનાનાં થોડા કલાકો પછી ઈરાકે સ્વીડનના રાજદૂતને હાંકી કાઢ્યા છે. ઈરાકી સરકારે ગુરુવારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ સ્વીડનમાં ઈરાકના ચાર્જ ડી અફેર્સને પણ પાછા બોલાવ્યા હતા. ઈરાકી મીડિયામાં આવેલા અહેવાલો અનુસાર ઈરાકમાં કાર્યરત સ્વીડિશ ટેલિકોમ કંપની એરિક્સનની વર્ક પરમિટ પણ સસ્પેન્ડ કરવામાં આવી હતી. ઈરાકની રાજધાની બગદાદમાં ભારે વિરોધ જોવા મળ્યો હતો. કુરાનની નકલ સળગાવીને ફરી આવા કૃત્યને મંજૂરી આપતા રોષે ભરાયેલા ઈરાકીઓએ એમ્બેસી કમ્પાઉન્ડમાં ઘસી જઈ દૂતાવાસને આગ ચાંપી દીધી હતી.

જો કુરાનને ફરીથી બાળવામાં આવશે તો ઈરાક-સ્વીડનના સંબંધો સંપૂર્ણ સમાપ્ત થઈ જશે. અહેવાલ મુજબ ઈરાકના વિદેશ મંત્રાલયે સ્વીડિશ દૂતાવાસ પર હુમલાની આકરી નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, 'ઈરાકી સરકારે સુરક્ષા અધિકારીઓને તાત્કાલિક ઘટનાની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. તેમને એમ્બેસી પર કયા સંજોગોમાં હુમલો કરવામાં આવ્યો તેની તપાસ કરવાનું કહેવામાં આવ્યું છે.

અધિકારીઓને ગુનેગારોની ઓળખ કરવા અને કાયદા અનુસાર તેમને જવાબદાર ઠેરવવા જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. ઈરાકી સરકારે સ્વીડિશ સરકારને રાજદ્વારી માધ્યમો દ્વારા જાણ કરી હતી કે જો સ્વીડનની ધરતી પર કુરાનને ફરીથી સળગાવવામાં આવશે તો ઈરાક સ્વીડન સાથે રાજદ્વારી સંબંધો તોડી નાખશે,

## ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા તડામાર તૈયારી : સાંસદોનાં ૧૦ જૂથ બનાવ્યા

નવી દિલ્હી, તા. ૨૧:

૨૦૨૪માં યોજાનરી લોકસભાની ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે. ભાજપની આગેવાની હેઠળના એનડીએ અને વિપક્ષી મોરચા વચ્ચે સીધો મુકાબલો છે. આ હરીફાઈ માટે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સએ પુરી તાકાત સાથે તૈયારી શરૂ કરી દીધી છે. ૨૦૧૪ અને ૨૦૧૯માં જીત્યા બાદ એનડીએ ૨૦૨૪માં હેટ્રિક બનાવવાનો પ્રયાસ કરી રહી છે. આ જ કારણ છે કે એનડીએએ મોટી યોજના તૈયાર કરી છે. સંસદના ચોમાસુ સત્ર દરમ્યિાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે એનડીએનાં સાંસદો સાથે દરરોજ બેઠક કરશે. એનડીએ પાસે હાલમાં લોકસભામાં ૩૩૮ સભ્યો છે. એનડીએના સાંસદો ૧૦ જૂથોમાં વહેંચાયેલા છે. આ બેઠકો ૨૫ જુલાઈથી શરૂ થવા જઈ રહી છે.

## જયપુરમાં આજે સવારે ભુકંપનાં ત્રણ આંચકા નોંધાયા : લોકો ભયભીત

જયપુર તા. ૨૧

રાજસ્થાનના જયપુરમાં આજે ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જયપુર શહેરના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાતા જ ગભરાયેલા લોકો ઘરની બહાર દોડી ગયા હતા. નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજીની વેબસાઈટ અનુસાર, ભૂકંપ સવારે ૪:૧૦ કલાકે આવ્યો હતો. પોલીસ કંટ્રોલ રૂમે જણાવ્યું હતું કે જાનહાનિ અથવા સંપત્તિના નુકસાન અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી. જયપુરમાં ભૂકંપના આંચકાના કારણે ઘરોમાં સૂતેલા લોકોની ઊંઘ અચાનક ઉડી ગઈ હતી. જયપુર શહેરની કોલોનીઓના બિલ્ડીંગોમાં રહેતા રહીશો બહાર દોડી આવ્યા હતા. દરેક વ્યક્તિ પોતાનો જીવ બચાવવા માટે આમ-તેમ દોડતો જોવા મળ્યો હતો. ભૂકંપની તીવ્રતા ખૂબ વધારે હતી જેના કારણે લોકો ભયભીત થઈ ગયા હતા. ભૂકંપનું કેન્દ્ર રાજધાની જયપુર હતું. જો કે ભૂકંપના કારણે કોઈ નુકસાનના સમાચાર નથી, પરંતુ ભૂકંપનો પહેલો આંચકો ખૂબ જ જોરદાર હતો, આંચકા પછી દરેક લોકો પોતાના ઘર છોડીને ભાગતા જોવા મળ્યા હતા.

એક કલાકમાં ત્રણ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનો પહેલો આંચકો ૪:૧૦ મિનિટે, બીજો ૪:૨૩ મિનિટે અને ત્રીજો ૪:૨૫ મિનિટે આવ્યો હતો. બીજી બાજુ મણિપુરના ઉખરુલમાં સવારે ૫:૦૧ વાગ્યે ૩.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

જૂનાગઢમાં વેચવાનું છે
(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) નીલકમલ-૧માં પહેલા માળે ફલેટ
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.
સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

સ્ટાફ જોઈએ છે
અનુભવી / બિન અનુભવી
SWARAJ
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪

શ્રી યમુના ટ્રેકટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


હવે આપણા શહેર જૂનાગઢમાં આપણું પોતાનું કહી શકાય એવું
"સોરઠ રીસોર્ટ એન્ડ પાર્ટી લોન્સ"
આપના માટે લાવ્યું છે કોઈપણ નાના-મોટા પ્રસંગો માટે પરફેકટ સ્થળ કે જયાં આપ માણી શકો છો,
● ફેમિલી ગેટ ટુ ગેધર
● જલવિધિ
● સગાઈ વિધિ
● લગ્ન પ્રસંગ

● સીમંત
● અધિકમાસનાં જમણવાર
● સ્વિમીંગ પુલમાં ન્હાવા સાથે જમવાનું પેકેજ
અમારા માનવંતા વેપારી મિત્રો દ્વારા કરવામાં આવતી કોર્પોરેટ ઈવેન્ટસ જેમ કે, પ્રોડકટ લોન્ચીંગ અને પ્રમોશન, ડિલર મીટીંગ, કસ્ટમર મીટીંગ, સ્ટાફ ટ્રેનીંગ વગેરે માટે
● આધુનિક ઓડિયો વિડીયો સીસ્ટમ સાથે સાઉન્ડ પ્રુફ મલ્ટીપરપઝ હોલ
અને બાદમાં આપની રૂચી અનુસારનું સ્વાદિષ્ટ ભોજન તો ખરૂ જ...
હવે તમામ પ્રકારનાં પ્રસંગો માટે એક માત્ર સ્થળ એટલે...
સોરઠ રીસોર્ટ એન્ડ પાર્ટી લોન્સ
આધુનિક સુવિધાઓ જેવી કે,
● ૭૫૦૦ ચો.ફુટનો વિશાળ સેન્ટ્રલ એસી બેન્કવેટ હોલ
● ૨૦૦૦ ચો.ફુટનો મલ્ટીપર્પઝ હોલ
● ૪૦ લકઝરીયસ વીલા ● સ્વિમીંગ પુલ
● ૮૦૦૦ ચો.ફુટ ડાઈનીંગ હોલ કિચન સાથે
● ૧૫૦૦૦ ચો.ફુટ લોન એરીયા
● વિશાળ પાર્કીંગ વ્યવસ્થા

અમારો તદન નવો અને પ્રાયવસી આપે તેવો રેસ્ટોરન્ટમાં જમણવાર માટેનો કન્સેપ્ટ
એડવાન્સ ગ્રુપ બુકીંગ રેસ્ટોરન્ટ
કે જયા આપ આપની ઈચ્છા અનુસાર મેનુ પ્રમાણે પારીવારિક ભાવનાઓ સાથે સ્વાદિષ્ટ ભોજન માણી શકો
શ્રી વલ્લભાચાર્ય દ્વાર, નોવેલ્ટી ફર્નિચર પાસે, વાડલા ફાટક, જૂનાગઢ - સોમનાથ હાઈવે, જૂનાગઢ. મો. ૯૧૨૯૧ ૩૨૨૩૨

# SG હાઈવે અકસ્માત કેસ મામલે એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ થશે, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચાલશે : હર્ષ સંઘવી

## આ અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂા. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય કર્યો છે



અમદાવાદ, તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં બુધવારે મોડીરાત્રે ઈસ્કોન બ્રિજ પર થયેલી વાહન અકસ્માતની ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને તે અંગે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ આ દુર્ઘટનામાં બે પોલીસકર્મીઓ સહિત જે નવ વ્યક્તિઓના અકાળે મૃત્ય થયા છે તેમના પરિવારજનો પ્રત્યે સાંત્વના અને દિલસોજી પાઠવવા સાથે પ્રત્યેક મૃતકોને ૪ લાખની સહાય જાહેર કરેલી છે. એટલું જ નહીં, આ અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂા. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓના પરિવારો અને સોલા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોની સહાય માટે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને સોલા સિવિલ હોસ્પિટલ પહોંચવા તત્કાલ સૂચનાઓ આપી હતી. તે મુજબ તેઓ ત્યાં પહોંચ્યા હતા અને સારવાર સહિતની વ્યવસ્થાઓમાં મદદરૂપ થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગૃહ રાજ્ય મંત્રી અને ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર ઘટનાક્રમની અને પોલીસ તંત્ર દ્વારા આ ઘટના બાદ લેવાયેલા પગલાઓથી માહિતગાર કર્યા હતા.

આ દુર્ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે તાત્કાલિક કાયદેસરની કડક કાર્યવાહી, અટકાયત અને સંપૂર્ણ નિષ્પક્ષ તપાસના આદેશો આ ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાનગરોમાંથી પસાર થતાં હાઈ-વે સહિત રાજયભરમાં હાઈ-વે પર વાહનોની સ્પીડ વગેરેની દેખરેખ માટે સી.સી.ટી.વી કેમેરા નેટવર્ક અને મહાનગરોનાં હાઈ-વે પર લાઈટપોલ અંગે પોલીસ, માર્ગ-મકાન, શહેરી વિકાસ વિભાગ અને સ્થાનિક સત્તાતંત્ર વચ્ચે સંકલન સાધીને વધુ સુદ્રઢ બનાવવા મુખ્ય સચિવશ્રીને સુચનાઓ આપી હતી. આ બેઠકની ચર્ચામાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, મહાનગરોમાં વાહનોનાં ઓવરસ્પિડિંગ અને રેસ ડ્રાઈવિંગ તથા સ્ટંટ કરનારા યુવાઓ સામે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે તે વધુ કડક અને વ્યાપક બનાવાશે.

આ કેસને મોસ્ટ સિવિયર અને મોસ્ટ અર્જન્ટ કેસ તરીકે ટ્રીટ કરીને એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ કરવા તેમજ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂંક કરીને આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, અમદાવાદમાં થયેલી આ અકસ્માત જેવી ઘટનાઓનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય અને સમાજમાં દાખલો બેસે તે રીતે કડક શિક્ષાત્મક પગલાં સહિતની કાર્યવાહી રાજય સરકાર આ માર્ગ અકસ્માતની ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે કરવા સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

## કેશોદ અને વંથલીમાં ચોરી કરનાર બે તસ્કરો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

કેશોદનાં સોંદરવા અને વંથલીના લુશાળામાં ચોરી કરનાર પાંચ પૈકી બે તસ્કરોને એલસીબીએ જૂનાગઢમાંથી બાતમીનાં આધારે ઝડપી લીધા છે. આ અંગે મળતી માહિતી વિગત મુજબ ઘરફોડી કરનાર તસ્કરોને ઝડપી લેવા રેન્જ આઈજીપી મયંકસિંહ ચાવડા, એસપી રવિતેજા વાસમશેટ્ટીની સુચના બાદ એલસીબીએ તપાસનાં ચક્રો ગતીમાન કર્યા છે. દરમ્યાન એલસીબી ઈન્ચાર્જ પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી અને સ્ટાફને મળેલી બાતમીનાં આધારે કેશોદનાં સોંદરડામાં તેમજ વંથલીના લુશાળામાં ઘરફોડી કરનાર પાંચ પૈકી બે શખ્સો હાલ જૂનાગઢનાં બસ સ્ટેશન નજીક આવેલ અશોકનગર સોસાયટીમાં આટાફેરા મારી રહયા છે. આ તસ્કરો રાત્રીના કોઈ મોટી ચોરીને અંજામ આપવાની ફીરાકમાં છે. બાદમાં તપાસ કરતાં તળાવ તરફનાં ગેઈટ પાસેથી બે શખ્સો મળી આવ્યા હતાં. બંનેની અટકકરી પુછપરછ કરતા તેમણે પાંચ લોકોની ગેંગ દ્વારા બે ચોરી કર્યાની કબુલાત આપી હતી. આમાં કેશોદનાં સોંદરવામાં કારખાના અને પાનની કેબીન તોડી રૂા. ૨૯૦૦૦ અને વંથલીનાં લુશાળામાં બેન્ક અને પોસ્ટ ઓફીસનાં તાળા તોડી રોકડ રૂા. ૩૪,૭૪૫ અને ડીવીઆર કિંમત રૂા. ૭૦૦૦૦, એટીએમ કાર્ડ, ચેકબુકની ચોરી કરી હતી. તસ્કરોએ ચોરીનાં નાણાં સરખાભાગે વહેંચી લઈ વાપરી નાંખ્યા હતાં. એલસીબીએ દાહોદનાં અજય ઉર્ફે અજુ નારસીંગ મોહનીયા અને રાજેશ ઉર્ફે તેજલો અસ્લાભાઈ ખરાડની અટક કરી બાકીનાં ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

## જૂનાગઢમાં પરશુરામજીની મહાઆરતી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં સંસ્થાપક જયદેવભાઈ જોષી, કાર્તિક ઠાકર, કમલેશ ભરાડની આગેવાની હેઠળ ગતરાત્રે પરશુરામ ચોક, ભવનાથ રોડ ખાતે અધિકમાસની ત્રીજ નિમિત્તે ભગવાન પરશુરામજીની ત્રીજી આરતી રાખવામાં આવેલ હતી. જયદેવભાઈ જોષી, પ્રફુલભાઈ ત્રિવેદી, ગીતાબેન જોષી, સનતભાઈ પંડયા, પી.સી. ભટ્ટ, દેવાંગ વ્યાસ, મુકેશ મહેતા, હિંમાશું પંડયા સાહિતનાએ ભગવાનની આરતીનો લાભ લીધો હતો.

## રાજકોટ જિલ્લાના વિવિધ ડેમોની જળસપાટીમાં નોધપાત્ર વધારો : હેઠવાસના ગામોને સાવચેત રહેવા ચેતવણી

## છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ જિલ્લાનાં દસ ડેમોમાં નવા નીરની આવક

## આદિત્યાણામાં ધોધમાર ૪.૫ ઈંચ વરસાદ

આદિત્યાણા તા. ૨૧

આદિત્યાણામાં ધોધમાર વરસાદ શરૂ થતાં ૩.૫ ઈંચ વરસાદ પડી ગયેલ રાત્રીના ધીમી ધારે વધુ ૧ ઈંચ પડતા ૨૪ કલાકમા ૪.૫ ઈંચ સાથે મોસમનો કુલ વરસાદ ૨૫.૫ઈંચ પડેલ છે ડોબલીયા તળાવ ઓવરફલો થયેલ છે અત્યારે વરસાદ પડી રહેલ છે બરડા ડુંગરમાં પણ સારા વરસાદના વાવડ મળે છે પોરબંદરને પાણી પુરુ પાડતા અને બરડા ડુંગરમા આવેલ ફોદારા ડેમ પર ૪૫ મીમી વરસાદ સાથે ૪હાલ સપાટી ૩૫.૬ ફુટ થયેલ છે ડેમ ૩૭ ફુટે ઓવરફલો થાય છે જ્યારે ખંભાડા ડેમ વિસ્તારમાં ૮૪ મીમી વરસાદ સાથે કુલ સપાટી ૩૧.૯ ફુટ થયેલ છે ડેમ ૩૪ ફુટે ઓવરફલો થાય છે. બંને ડેમ આશરે ૯૫% આસપાસ ભરાઈ ગયા છે હવે માત્ર ૨ ઈંચ વરસાદ પડે એટલે ડેમો ઓવરફલો થઈ જશે તેવુ ડેમ પરના જવાબદાર ટપુભાઈ જણાવે છે

## જૂનાગઢ, વંથલી, ચોરવાડમાં જુગારનાં દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ખામધ્રોળ રોડ ખ્વાજાનગરમાં જાહેરમાં જુગાર રમતા એક પુરૂષ અને ચાર મહિલાને રોકડ રૂા. ૨૧૩૦ સાથે ઝડપી લીધેલ છે.

**વંથલી**

વંથલી પોલીસે ટીનમસ ગામે જુગાર અંગે દરોડો પાડતાં ૮ પુરૂષ અને બે મહીલાને રોકડ રૂા. ૨૬૫૬૦, મોબાઈલ-૫ મળી કુલ રૂા. ૪૭૦૬૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

**ચોરવાડ**

ચોરવાડ પોલીસે પાતરા ગામે જુગાર અંગે દરોડો પાડતાં પાંચ શખ્સોને રોકડ રૂા. ૬૫૦૦ સાથે ઝડપી લીધેલ છે.

## જુનાગઢ લો કોલેજમાં "કાયદામાં સંશોધન અને તેની પધ્ધતિ" અંગે વ્યાખ્યાન યોજાયુ


### લો કોલેજ તેમજ એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લો પી.જી.સેન્ટરના સંયુકત ઉપક્રમે આયોજિત વ્યાખ્યાન શ્રેણીમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો



જૂનાગઢ : જૂનાગઢ જુનિયર ચેમ્બર એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત લો કોલેજ જૂનાગઢ અને એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લો પી.જી.સેન્ટરના સંયુકત ઉપક્રમે 'કાયદામાં સંશોધન અને તેની પધ્ધતિ' અંગે કાયદાકીય વ્યાખ્યાન શ્રેણી યોજાય હતી. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાયદાની વ્યાખ્યાનશ્રેણીમાં સ્વાગત પ્રવચન પી.જી.સેન્ટરના વડા ડો.નિરંજનાબેન મહેતાએ આપ્યુ હતુ. પ્રાસંગિક પ્રવચન આપતાં લો કોલેજના પ્રિન્સીપાલ ડો.પરવેઝ બ્લોચે કાયદાના સંશોધનનું મહત્વ સમજાવ્યુ હતુ.

શેઠ એમ.એન. લો કોલેજ–પાટણના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ તેમજ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી પાટણના ભૂતપૂર્વ ડીન ડો.જગદિપ નાણાવટીએ કાયદામાં સંશોધન કઈ રીતે કરી શકાય, કાયદાના સંશોધનમાં આવશ્યક પ્લેગારીઝમ એટલે શુ ? તે સંશોધન માટે તેમજ સમાજ માટે કેટલું જરૂરી છે તે અંગે વિવિધ ઉદાહરણો આપી માર્ગદર્શન આપ્યુ હતુ. સંશોધનમાં નકલ કરવાથી કેવા પ્રકારના પરિણામો મળે છે તે અંગે વિશેષ માર્ગદર્શન આપતા નકલની સામાજિક અસરો વિશે તલસ્પર્શી માહિતી આપી હતી. તેમજ યુજીસી દ્વારા પ્લેગારીઝમ અન્વયે નકલ કરતાં વિદ્યાર્થીઓ તેમજ સુપરવાઈઝરોને આપેલા માર્ગદર્શક નિયમોની પણ વિસ્તૃત સમજ આપી હતી. વ્યાખ્યાન કાર્યક્રમની આભારવિધી ડો.કલ્પનાબેન રાઠોડે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.એસ.જી.ધાનાણીએ કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ વેકરીયા તેમજ ટ્રસ્ટી મંડળે વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.



# જૂનાગઢમાં વીજ કર્મીઓને સેફટી ફર્સ્ટને અનુલક્ષીને તાલીમ અપાઈ

## વીજ લાઈન મરામત વખતે સહિતની પરિસ્થિતિમાં અકસ્માતો નિવારવા વીજ કર્મીઓને જાણકારી અપાઈ





જૂનાગઢ તા.૧૯

વીજકર્મીઓ વીજ પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે સતત પરિશ્રમ વેઠતા હોય છે. વાવાઝોડા કે વરસાદી વાતાવરણ વચ્ચે પણ વીજ ફોલ્ટને દૂર કરવા માટે ૨૪x૭ કાર્યરત હોય છે. ખાસ કરીને ફિલ્ડ ઉપર કામ કરતા વીજ કર્મીઓ મોત સામે જજુમી રહ્યા હોય છે. તેમ કહેવું ખોટું નહીં ગણાય. વીજ પોલ ઉપર એક ઉંચાઈ ઉપર કામ કરવું, ઉપરાંત એક નાની અમથી ભૂલ કે શરત ચૂક ક્યારેક ગંભીર અકસ્માતમાં પરિણામતી હોય છે. આ અકસ્માતોનિવારવા અનેસેફટી ફર્સ્ટને અનુલક્ષીને પીજીવીસીએલ જૂનાગઢની શહેરી વિભાગીય કચેરી દ્વારા વીજ કર્મીઓ માટે એક પ્રિકોશનરી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં પીજીવીસીએલ જૂનાગઢ વર્તુળના અધિક્ષક ઈજનેરબી.ડી. પરમાર જણાવ્યું કે, ઈલેક્ટ્રીક કરંટ નોન વિઝીબલ હોય છે એટલે કે અદ્રશ્ય સ્વરૂપે હોય તેના ઉપર ભરોશો કરી શકાય નહીં. બિનજરૂરી ઉતાવળ કરવાથી માઠા પરિણામ ભોગવવા પડતા હોય છે તે આપણે અનુભવે જાણ્યું છે, તેમ જણાવતા તેમણે કહ્યું કે, કરંટ એ ઈલેક્ટ્રોનનો ફ્લો છે. ઈલેક્ટ્રોનને ધક્કો મારવાનું વોલ્ટેજ કરે છે. એટલે જેટલા વોલ્ટેજ વધારે એટલો વીજ પ્રવાસ ઝડપી ગતિએ આગળ વધે છે. આ વીજ પ્રવાહ ઝડપથી પ્રસરે છે. એવું પણ જાણવામાં આવ્યું છે કે, ખૂબ જાડા શરીરમાં વીજશોકની અસર ખૂબ વધુ જોવા મળે છે. તેવી જ રીતે પાતળા શરીરમાં વીર શોકની અસર પ્રમાણમાં ઓછી હોય છે.

પીજીવીસીએલના ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વી.એલ. ભીમાણીએ જણાવ્યું કે, પીજીવીસીએલ દ્વારા વીજ કર્મીઓની સેફટી માટે ખાસ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. વીજ લાઈન મરામત વખતે અકસ્માત ટાળવા એક ચેક લિસ્ટ પણ આપવામાં આવ્યું છે. જે મુજબની ખરાઈ કર્યા બાદ વીજ મરામત કાર્યહાથ ધરવાનું હોય છે. સેફટી સાધનો વગેરે બાબતોની અધિકારીઓ દ્વારા સાઈટ પરની વીડિયો કોલના માધ્યમથી ખરાઈ કરવામાં આવે છે. આમ તેમણે ધીરજ સાથે વીજમરામતનું કામ ધરવા જણાવ્યું હતું. શહેર વિભાગીય કચેરીના નાયબ ઈજનેર સી. એન. મૈયડ અને આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર ભારાઈએપણ વીજ લાઈનના કે અન્ય વીજ મરામતના કાર્યોમાં રાખવાની થતી સાવધાનીઓ પૂર્વ તકેદારીઓ વિશે જાણકારી આપી હતી. આ તકે ડો. ઝાલાવડીયાએ રોજિંદા જીવનમાં નજીવા વીજ શોક લાગવાના બનાવો બનતા હોય છે પરંતુ હાઈ વોલ્ટેજ વીજ શોક લાગે તેવી સ્થિતિમાં ભોગ બનનારના શ્વાસ, ધબકારા અને પલ્સ ચેક કરવા ખૂબ જરૂરી છે. તેના આધારે મોઢા વડે શ્વાસ આપવા કે છાતીના ભાગેનું વચ્ચેનું હાડકું પૂર્ણ થતું હોય શરીરની તે જગ્યાએ પંપ કરવું વગેરે જીવન રક્ષક જાણકારી ડેમોસ્ટ્રેશનના માધ્યમથી આપવામાં આવી હતી.

# ભુતનાથ મહાદેવ મંદિરના બ્રહ્મલીન મહંત પૂ.વસંતગીરીબાપુનો ષોડશી ભંડારો યોજાયો



## નવ નિયુકત મહંત પદે પૂ.મહેશગીરીબાપુની સંતોની ઉપસ્થિતિમાં ચાદર વિધી

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં આવેલા ભૂતનાથ મહાદેવ મંદિરના બ્રહ્મલીન મહંત પૂજય વસંતગીરીબાપુનો ષોડશી ભંડારો આજે યોજાઈ રહ્યો છે. આ ઉપરાંત નવ નિયુકત મહંત પદે પૂ.મહેશગીરીજી ગુરૂશ્રી અમૃતગીરીજીની ચાદર વિધી સંપન્ન કરવામાં આવી રહી છે.

જૂનાગઢના પુરાણપ્રસિધ્ધ ભૂતનાથ મહાદેવ મંદિર કે જે ભાવિકો અનો શ્રધ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર છે. ભાવિકો દરરોજ ભૂતનાથ મહાદેવના દર્શનનો લાભ લઈ અનો દિવ્યતાની અનુભુતી કરે છે. ભૂતનાથ મહાદેવ ભકતજનોની મનોકામના પુર્ણ કરે છે એવા ભાવિકોની આસ્થાના કેન્દ્ર સમા ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત પૂ.વસંતગીરીબાપુ બ્રહ્મલીન થતા ભુતનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી મંડળની અક બેઠક મળી હતી અનો જેમાં સર્વાનુમતે મહંત પદની જવાબદારી શ્રી મહેશગીરીબાપુને સોંપવામાં આવી આવી હતી. દરમ્યાન આજ તા.૨૧-૭-૨૦૨૩ના રોજ બ્રહ્મલીન મહંત વસંતગીરી બાપુનો ષોડશી ભંડારાનો કાર્યક્રમ સંતોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહંત પદે બિરાજમાન પૂ.મહેશગીરીબાપુની ચાદર વિધીનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ તકે ભુતનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટીઓ , આગેવાનો, ભાવિકો અનો સંતોની ખાસ ઉપસ્થિતિ રહી હતી.

## સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ૫૧ હોમાત્મક હનુમાન ચાલીસા પાઠ યજ્ઞનું આયોજન



જૂનાગઢ, તા.૨૧

પુરૂષોતમ માસ નિમિત્તે સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ તથા પ્રેમભિક્ષુજી મહારાજ દ્વારા પ્રેરીત જયાં ૨૭ વર્ષથી અખંડ રામધુમ ચાલે ત્યાં અંબિકા ચોક ખાતે ૨૩/૭/૨૦૨૩ને રવિવારે સવારે ૮ થી સાંજના ૫ સુધી ૫૧ હોમાત્મક હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવેલ છે. ધોરાજીના રામચંદ્ર ધુન મંડળના સભ્યો દ્વારા સંગીત સાથે હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવશે. આ યજ્ઞની પૂજામાં બેસાવા માટે જે કોઈ ભકતજનની ઈચ્છા હોય તેમણે પ્રમુખ મનાસુખભાઈ વાજા ફોન નં.૯૯૨૫૧ ૪૨૦૮૮ તથા પરેશભાઈ બાટવીયા ફોન નં.૯૯૧૩૨ ૮૭૧૧૬નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## એસબીએફ દ્વારા વેરાવળ-સોમનાથ અને માંગરોળમાં સરાહનીય કામગીરી




જૂનાગઢ, તા.૨૧

સોસાયટી ફોર બ્રાઈટ ફયૂચર -એસબીએફ દ્વારા બીપરજોય વવાજોડામાં સરાહનીય કામ કર્યા બાદ ફરી એકવાર અતીભારે વરસાદને લીધે વેરાવળ, સોમનાથ, તાલાળા, માંગરોળ અને જૂનાગઢમાં નીચાણ વાળા વિસ્તારોમાંપાણી ભરાઈ ગયા હોય ત્યાંથી સેંકડો લોકોને રેસ્કયું કરી સલામત સ્થળે પહોંચાડ્યા હતા. આશરે ૧૫ લોકોની ટીમ ગીર સોમનાથમાં તેમજ ૨૦ લોકોની ટીમ માંગરોળમાં દરેકરીતે લોકોને મદદરૂપ થવા પ્રયત્ન કર્યો. સાથે એમ્બ્યુલન્સ લઈ બીમાર લોકોને હોસ્પિટલ પહોંચાડવા તથા નાના બાળકોને નાસ્તો, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અનાજની કીટ, ચોખા આપી મદદરૂપ થવા પ્રયત્ન કર્યો, હાલ પણ માંગરોળ અને પાટણમાં લોકો રાહત સીવીરમાં આશરો લીધેલ હોય તેમને ૨ વખત જમવાની વ્યવસ્થા સ્થાનીક ટીમ દ્વારા કરવામાં આવી છે. એસબીએફ( સોસાયટી ફોર બ્રાઈટ ફયૂચર ) સર્વે હાથ ધરી નુકશાન પામેલ પરિવારને સહાય કરવા પ્રયત્ન કરવામાં આવશે. વધુમાં આ કામગીરીમાં અલ્તાફ શેખ (જૂનાગઢ), બસિર ગોહેલ (વેરાવળ,પાટણ), કાસીબ સમા (માંગરોળ) સહિતની ટીમદ્વારા કરવામાં આવી હતી.

# કોડીનાર તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પેન ડાઉનનો પ્રતિકાત્મક આંદોલન કરાયું

### સરખડીના તલાટી ઉપર થયેલ આક્ષેપો અને હેરાન ગતિના મુદ્દે તમામ તલાટીઓ સોમવારે માસ સી.એલ. ઉપર ઉતરી જશે



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૧

કોડીનાર તાલુકાના સરખડી ગ્રામ પંચાયતના મહિલા તલાટી મંત્રી વિરૂધ્ધ સરપંચ પતિ દ્વારા સરખડી ગ્રામ પંચાયતમા તલાટી કમ મંત્રીઓ વિરૂધ્ધ સતત ફરીયાદો – રજુઆતો કરી ખોટા આક્ષેપો કરી હેરાનગતી કરવામાં આવતી હોવાના મુદ્દે તપાસ કરી પોલીસ ફરીયાદ દાખલ કરવા હુકમ થવા માંગ સાથે ન્યાય મેળવવા પ્રતીકાત્મક આંદોલનો ચલાવી રહ્યા છે જેમાં ગત તા.૧૭/૭ના રોજ તલાટી કમ મંત્રીઓ કાળી પટ્ટી ધારણ કર્યા બાદ તલાટી કમ મંત્રીઓએ પેન ડાઉન કરતા અગત્યના કામોની ફાઈલો ઉપર સહી સહિતના કામો અટકી પડ્યા હતા. જયારે આગામી તા.૨૪ના સોમવારના રોજ તલાટી કમ મંત્રીઓ એક સાથે માસ સી.એલ. ઉપર ઉતરી જઈ જશે તેમજ તા.૨૭/૭ થી અચોક્કસ મુદત માટે હડતાળ ઉપર ઉતરી જવાના હોય હાલ ભારે વરસાદના કારણે અનેક ગામડાઓમાં વ્યાપક નુકશાન થયો છે ત્યારે તલાટીઓની હડતાળના કારણે ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

## આગામી રવિવારે કેશવ ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટીની ૨૬મી વાર્ષિક સાધારણ સભા

જૂનાગઢ, તા.૨૧

શ્રી કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની ૨૬મી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૨૩/૭/૨૦૨૩ રવિવારના રોજ સાંજના ૪ કલાકે પ્રેરણાધામ ભવનાથ તળેટી ખાતે યોજવામાં આવનાર છે ત્યારે આ સાધારણ સભામાં આમંત્રીત મહેમાનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# વેરાવળ બસ સ્ટેન્ડમાંથી ૨૦ જેટલા લોકોનું ફાયર વિભાગ દ્વારા સ્થળાંતર કરાયું

### કોમ્યુનિટી હોલમાં આશ્રય આપી રહેવા તથા જમવાની કરી સુવિધા કરાઈ



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૧

ગીર સોમનાથમાં અવિરત વરસાદની પરિસ્થિતિમાં ફાયર ટીમ દ્વારા પણ રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. અતિભારે વરસાદના કારણે વેરાવળ બસ સ્ટેન્ડમાં પાણી ભરાયા હતા એવા સમયમાં ફાયર વિભાગનીટીમ દ્વારા બસ સ્ટેન્ડમાં જ આશ્રય લઈ બેઠેલા ૨૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. નગરપાલિકા સેક્રેટરી ડી.ડી.દવેની સૂચના હેઠળ ફાયર ટીમના સભ્યો જીતેન્દ્રસિંહ, કેતન વાળા, ભૌમિક પરમાર, હરપાલ ખેર, પ્રવીણસરકાર દ્વારા વેરાવળ બસ સ્ટેશનમાં આશરો લઈ અને બેસેલા તમામ વ્યક્તિઓનું કોમ્યુનિટી હોલમાં સ્થળાંતર કરવામાં આવ્યુ હતુ અને રહેવા તથા ભોજનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી.

## કોડીનાર આપ પાર્ટી દ્વારા ફિક્સ પગારદારોને ફિક્સ નીતિના પગારમાંથી મુક્તિ આપી પૂરો પગાર આપવા આવેદન અપાયું



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૧

રાજ્યમાં ફિક્સ પગારની નીતિના કારણે ગુજરાતના હજારો યુવાનોને નોકરીમાં ભારે શોષણ થતું હોય તેમજ આ નીતિથી રાજ્યના ગૌરવ અને સ્મિતાને લાછન સમાન ગણાવી તાત્કાલિક અસરથી ફિક્સ પગારની નીતિ દૂર કરવા ગીર સોમનાથ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે કોડીનાર મામલતદારને એક વિસ્તૃત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ મોંઘવારીમાં ઘર ચલાવવું મુશ્કેલ છે ત્યારે ફિક્સ પગારના કર્મચારીને જે વેતન આપવામાં આવે છે તેમાં પરિવારનું જીવન નિર્વાહ ચલાવો મુશ્કેલ છે. યુવાનો દ્વારા ઘણી મહેનત પછી ટેટ અને ટાટ પરીક્ષાઓ પાસ કરી જ્ઞાન સહાયક કરાર આધારિત નોકરી આપવામાં આવે છે તો આ તમામ કર્મચારીઓને ફિકસ નીતિના પગારમાંથી મુક્તિ આપીને પૂરો પગાર આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## કોડીનારના મેમણ અગ્રણીઓ દ્વારા તાલાલાના વરસાદી અસરગ્રસ્તોને અનાજની કીટનું થયેલ વિતરણ




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૧

ગીર સોમનાથના તાલાલામાં ૨૪ કલાકમાં ૨૦ જેટલો ભારે વરસાદ પડતાં અનેક વિસ્તારોમાં પાણી ફરી વળતા અને ઘરોમાં પણ કમર ડૂબ પાણી ભરાઈ જતાં ઘર વખરી પાણીમાં ડૂબી જતાં અનેક પરિવારો ખાવા માટે ફાફા મારી રહ્યા હોવાના સમાચાર કોડીનાર મેમણ સમાજના અગ્રણીઓને મળતા ઈકબાલભાઈ મકલાઈ, સોદાગરભાઈ બીજવાલા, યુસુફભાઈ બાસઠીયા, રફિકભાઈ કિશાન, અફઝલ કચ્છી સહિતનાઓએ તાત્કાલિક જીવન જરૂરી ઘર વખરી એકઠી કરી એક પરિવારને એક અઠવાડિયું ચાલે તેવી ૩૦૦ જેટલી રાશન કીટ બનાવી ગઈકાલે વહેલી સવારે તાલાલા જઈ અસરગ્રસ્ત સીદી બાદશાહ અને અન્ય ગરીબ પરિવારોને રાશન કીટનું વિતરણ કર્યુ હતુ તેમજ અનેક ઘરોમાં પાણી અને સફાઈના કારણે ભોજન બની શકે તેમ ન હોવાના કારણે સાંજે રાંધેલું ભોજન બનાવી જરૂરિયાતમંદ લોકોને વિતરણ કર્યુ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

### તંત્રી લેખ

# વડાપ્રધાનની ફ્રાન્સ મુલાકાત 'માન-અપમાન'ની યાત્રાબની !?

ફ્રાન્સના અત્યંત પ્રતિષ્ઠિત અને પ્રભાવી દૈનિક 'લે મોન્દ'માં વડાપ્રધાન મોદીના શાસક તરીકેના કાર્યકાળમાં છેક મુખ્યમંત્રી તરીકે હતા ત્યારથી વર્તમાન સુધીના ઘટનાક્રમ અંગે ખૂબ ટીકા કરતા લેખો અનેઅહેવાલો પ્રકાશિત થયા. વડાપ્રધાનને ફ્રાન્સના સર્વોચ સન્માન અર્પણ કરાય છે, ઐતિહાસિક એવી લશ્કરી પરેડમાં એ મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મૈક્રોં વડાપ્રધાન મોદીને માનભેર તેડાવે છે. ફ્રાન્સના ભારતીય સમુદાય ઉપરાંત અનેક વિશિષ્ટ વ્યક્તિઓ સાથેની એમની મુલાકાતો યોજાય છે. આ જ તબક્કે ફ્રાન્સ સહિતના યુરોપિયન યુનિયનના ૨૭ દેશો ફ્રાન્સમાં જ આવેલી સંસદમાં મણિપુરના હિંસાચાર અને ધાર્મિક લઘુમતીઓની ભારતમાં સુરક્ષા જાળવવાના મુદ્દે ઠરાવ પસાર કરીને ફ્રાન્સની મુલાકાતે તેડાવવામાં આવેલા ભારતીય વડાપ્રધાનનું અપમાન કરવામાં આવતું હોય એવું લાગ્યા વિના રહેતું નથી. જોકે વિદેશ મંત્રાલયે આવા ઠરાવને ભારતીય આંતરિક બાબતોમાં દખલ ગણાવીને એને અસ્વીકૃત લેખાવવા ઉપરાંત 'સામ્રાજયવાદી માનસિકતા'ગણાવી હતી. મોદીની અમેરિકા મુલાકાતના ગાળામાં જ અમેરિકાએ પણ અદાણી ઉદ્યોગસમૂહને લગતા હિંડનબર્ગ અહેવાલ અંગે તપાસ શરૂ કરી હતી. વડાપ્રધાન અમેરિકાની મુલાકાત પછી ઈજિપ્તની અને ફ્રાન્સ મુલાકાત પછી યુએઈની મુલાકાત લઈને મુસ્લિમ દેશો સાથે ભારતના સારા સંબંધોનો સંકેત આપતા હોય એવું જરૂર લાગે છે.

ફ્રાન્સ ભ્રષ્ટાચારને સહન કરવામાં નહીં માનતો દેશ હોવાનું તાજું ઉદાહરણ વડાપ્રધાન મોદીની ફ્રાન્સ મુલાકાત પૂર્વે જ ફ્રાન્સના રાષ્ટ્રપતિ રહેલા નિકોલસ સારકોઝીને ભ્રષ્ટાચારનાં પ્રકરણોમાં ૨૦૨૧માં તેમને અદાલતે ફરમાવેલી ત્રણ વર્ષની જેલની સજા સામે તેમણે સર્વોચ્ચ અદાલતમાં કરેલી અપીલને ફગાવી દેવાયાના પ્રકરણમાં મળે છે. જોકે અદાલતે સારકોઝીને બે વર્ષની સસ્પેન્ડેડ સજાની સાથે જ એક વર્ષ માટે તેમના ઘરમાં રહીને ઈલેક્ટ્રોનિક બ્રેસલેટ ધારણ કરે એવી સજા તો ફરમાવી છે.આ બ્રેસલેટ સંબંધિત વ્યક્તિની હિલચાલ પર નજર રાખવામાં કામ આવે છે. ૧૯૬૦ના ગાળામાં હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ એની શોધ કરી હતી અને છેક ૧૯૮૩માં અમેરિકામાં પેરોલ પરના ગુનેગારો કે અન્ય કેદીઓને છોડાય ત્યારે તેમના પર નજર રાખવા તેનો ઉપયોગ શરૂ કરાયો હતો. ભારતીય વડાપ્રધાન મોદી ૨૦૧૫માં ફ્રાન્સ ગયા ત્યારે તેમના સાથી ઉદ્યોગપતિ અનિલ અંબાણીને રફાલ સંદર્ભે કામ અપાવ્યા અંગે અત્યારે ફ્રાન્સની અદાલતમાં તપાસ ચાલુ છે. આ પ્રકરણમાં ભારતીય ઉદ્યોગપતિએ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મૈક્રોં અને તેમના નાણા મંત્રી મિશેલ સેપિનની મદદ કઈ રીતે માંગી હતી એની પણ તપાસ ચાલી રહી છે. ભારત પાસેથી આ અંગેના અમુક દસ્તાવેજો પણ માંગવામાં આવ્યા છે. મોદીની ફ્રાન્સ મુલાકાત વખતે જ ગ્રહણ ટાણે જ સાપ નીકળવાના સંજોગોરૂપ આ તપાસનું પ્રકરણ ફ્રાન્સમાં ગાજે છે એટલું જ નહીં, ત્યાંની અદાલતે રફાલ સોદા સંદર્ભે કેટલાક પેપર્સ ભારત પાસે પણ માંગ્યા છે. ભારતે અગાઉ ૩૬ રફાલ યુદ્ધ વિમાન લગભગ ૬૦,૦૦૦ કરોડ રૂપિયામાં ખરીદવાના સોદાને મોદી સરકારે અંતિમ સ્વરૂપ આપ્યું હતું. આ વખતે વધુ ૨૬ રફાલ અને ત્રણ સબમરીનની ૯૦,૦૦૦ કરોડ રૂપિયાના સોદાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

## ટાઈટન જાણીતા રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાનો પસંદગીનો સ્ટોક રહ્યો

# રેખા ઝુનઝુનવાલાએ ટાટાની કંપનીના ૬૦૦૦૦૦ શેર ખરીદી કંપનીમાં હિસ્સેદારી વધારી






(જી.એન.એસ) મુંબઈ,તા.૨૧

રેખા ઝુનઝુનવાલાએ ટાટા ગ્રુપની કંપનીમાં પોતાનો હિસ્સો વધાર્યો છે. રેખા ઝુનઝુનવાલાએ પોર્ટફોલિયોમાં ટાટા ગ્રુપની આ કંપની ટાઈટન છે. રેખા ઝુનઝુનવાલાએ ટાઈટન કંપનીના ૬૦૦૦૦૦ વધુ શેર ખરીદ્યા છે. તેણે ટાઈટનના આ શેર જૂન ૨૦૨૩ના ક્વાર્ટરમાં ખરીદ્યા હતા. ટાઈટન જાણીતા રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાના મનપસંદ સ્ટોક રહ્યા છે. ટાઈટનનો શેર મંગળવારે બી.એસ.સી (BSE) પર રૂપિયા ૨૯૯૫.૧૫ પર બંધ થયો હતો. ટાઈટન જાણીતા રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાનો પસંદગીનો સ્ટોક રહ્યો છે. ઝુનઝુનવાલાએ આ સ્ટોક દ્વારા સારી કમાણી પણ મેળવી હતી. ટાઈટનના સ્ટોકની 52-wk ની ઉંચી સપાટી ૩,૨૧૧.૧૦ જયારે આ સમયગાળાનું નીચલું સ્તર ૨,૧૯૦.૦૦ છે. શેર ૫ વર્ષમાં ૨૪૮.૨૭% રિટર્ન આપી ચુક્યો છે. TITAN કંપનીના શેરે ૧ વર્ષમાં ૩૩.૭૩% રિટર્ન આપ્યું છે. ૭૫૫.૫૦ રૂપિયાનો રોકાણકારોને પ્રતિશેર ફાયદો થયો છે. રેખા ઝુનઝુનવાલાની પાસે હવે ટાઈટન કંપનીના ૪,૭૫,૯૫,૯૭૦ શેર છે. એટલે કે કંપનીમાં ઝુનઝુનવાલાની ભાગીદારી વધીને ૫.૩૬% થઈ ગઈ છે. શેરહોલ્ડિંગનો આ ડેટા જૂન ૨૦૨૩ ક્વાર્ટર સુધીનો છે. રેખા ઝુનઝુનવાલાએ જૂન ક્વાર્ટરમાં ટાઈટનના શેર ખરીદ્યા હતા. રેખા ઝુનઝુનવાલાએ માર્ચ ૨૦૨૩ના ત્રિમાસિક ગાળામાં ટાઈટનના ૪,૬૯,૪૫,૯૭૦ શેર અથવા કંપનીમાં ૫.૨૯% હિસ્સો ધરાવે છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs)એ પણ જૂન ક્વાર્ટરમાં ટાઈટનમાં તેમનો હિસ્સો વધાર્યો હતો. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ જૂન ૨૦૨૩ ક્વાર્ટરમાં કેટેગરી-૧માં તેમનો હિસ્સો વધારીને ૧૭.૭૯% કર્યો છે. માર્ચ ક્વાર્ટરમાં આ હિસ્સો ૧૬.૮૬ ટકા હતો. દરમિયાન, સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) એ ટાઈટનમાં તેમનો હિસ્સો ઘટાડ્યો છે. જૂન ૨૦૨૩ ક્વાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડ્સે ટાઈટનમાં ૫.૫૨ ટકા હિસ્સો રાખ્યો હતો જે માર્ચ ક્વાર્ટરમાં ૫.૭૮ ટકા હતો. તે જ સમયે, LICનો હિસ્સો પણ ઘટીને ૧.૭૭% પર આવી ગયો છે, જે માર્ચ ક્વાર્ટરમાં ૨.૦૯% હતો. ડિસ્ક્લેમર પણ વાંચી લેજો : આ અહેવાલમાં ફક્ત સ્ટોકના પ્રદર્શન વિશેની માહિતી આપવામાં આવી છે. આ માહિતી આપવાનો પ્રયાસ છે તે રોકાણની સલાહ નથી. શેરબજારમાં રોકાણ જોખમને આધીન છે અને રોકાણ કરતા પહેલા તમારે તમારા સલાહકારની સલાહ અવશ્ય લેવી જોઈએ. નફાની ગણતરી સાથે કરવામાં આવેલું રોકાણ નુકસાન પણ કરાવી શકે છે. આ માટે રોકાણ સાવચેતી અને નિષ્ણાંતોની સલાહ સાથે કરવું જરૂરી છે.

# માંગરોળમાં જુનવાણી મકાન ધરાશયી : કોઈ જાનહાની નહી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨૧

માંગરોળમાં છેલ્લા ત્રણેક દિવસથી સતત પડી રહેલા વરસાદ અને ભેજવાળા વાતાવરણ વચ્ચે ગઈકાલે બપોરે કાપડ બજાર પાસે આવેલા ધ્રુવ ફળીયામાં એક જુનવાણી મકાનનો કેટલોક ભાગ સાંજે પત્તાની માફક ધરાશાયી થયો હતો. મકાન છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં હતું. અહીં તદ્દન નજીકમાં આ જ સમયગાળા દરમ્યાન ટ્યુશન ક્લાસિઝ ચાલતા હોય, બાળકો અને વાલીઓની અવરજવર રહેતી હોય, સદભાગ્યે કોઈ જાનહાનિ ન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ના હોય!... એરપોર્ટ વેચવા જઈ રહી છે પાકિસ્તાન સરકાર?.. ચીન ખરીદશે એરપોર્ટ!

(જીએનએસ)નવીદિલ્હી,તા.૨૧

પોતાના ઈતિહાસના સૌથી મોટા આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનની હાલત સુધરવાનું નામ નથી લઈ રહી. અત્યાર સુધી, જે પાકિસ્તાને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ને મદદ માટે અપીલ કરી હતી, તેને ત્યાંથી પણ મંજૂરી મળી ગઈ છે. પરંતુ દેશના ખરાબ દિવસોનો અંત આવતો જણાતો નથી. અમે આ નથી કહી રહ્યા, પરંતુ શાહબાઝ શરીફ સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાં પાકિસ્તાનની દુર્દશાનો ચિતાર કહી રહ્યો છે. સરકાર ઈસ્લામાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટને કોન્ટ્રાક્ટ પર આપવા જઈ રહી છે.

નાદારીની આરે પહોંચેલા પાકિસ્તાનને ગરીબીમાંથી બચાવવા માટ IMFએ તેની અપેક્ષા અને માગ કરતાં ઈ૩ બિલિયન વધુની સહાયની જાહેરાત કરી હતી. આ સિવાય ચીન અને સાઉદી તરફથી મદદનો હાથ લંબાવવામાં આવ્યો હતો. પરંતુ આ બધાની વચ્ચે પણ પાકિસ્તાનની ગરીબી ખતમ થવાનું નામ નથી લઈ રહી. પાકિસ્તાન સરકાર એક પછી એક એવા નિર્ણયો લઈ રહી છે જે દર્શાવે છે કે પાકિસ્તાનની અર્થવ્યવસ્થા જે સ્થિતિમાં પહોંચી ગઈ છે તેમાંથી બહાર આવવું મુશ્કેલ છે. પાકિસ્તાનના નાણા મંત્રી ઈશાક ડારે ઈસ્લામાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ (IIA)ના હિતધારકોને ૧૨ ઓગસ્ટ સુધીમાં એરપોર્ટની કામગીરીનું આઉટસોર્સિંગ કરવા જણાવ્યું છે. એરપોર્ટને કોન્ટ્રાક્ટ પર આપવા માટે ગયા શનિવારે આ બેઠક મળી હતી. આ બેઠકમાં ઉતાવળમાં ઈશાક ડારે એરપોર્ટની કામગીરીના આઉટસોર્સિંગની પ્રગતિ પર દેખરેખ રાખવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે સ્ટીયરિંગ કમિટી અંગે માર્ગદર્શિકા પણ જાહેર કરી હતી. તેમણે સંબંધિત વિભાગોને એવિએશન એક્ટમાં સુધારો કરવા અને પીઆઈએના પુનર્ગઠન માટેની યોજનાને અંતિમ સ્વરૂપ આપવા માટે સમયમર્યાદા પણ આપી છે. પાકિસ્તાની અખબાર ડોને સૂત્રોના હવાલાથી જણાવ્યું હતું કે પાકિસ્તાની કેબિનેટ મંત્રીએ જુલાઈ ૨૦૨૩ના અંત સુધીમાં આ સુધારાઓ પર સંસદની મંજૂરી મેળવવાનો પણ આગ્રહ કર્યો હતો. લાંબા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલી પાકિસ્તાન સરકારના તમામ પ્રયાસો દેશને આ સંકટમાંથી બહાર કાઢવામાં પ્રયત્ન નિષ્ફળ રહ્યા છે. અગાઉ, નાણાં એકત્ર કરવાના પ્રયાસમાં,સરકારે તેની પ્રખ્યાત રુઝવેલ્ટ હોટેલને અમેરિકાના ન્યૂયોર્કમાં ત્રણ વર્ષ માટે ભાડે આપી હતી. પાકિસ્તાનની આ ડીલ લગભગ ૨૨૦ મિલિયન ડોલરની કરી હતી. પાકિસ્તાનના ઉડ્ડયન મંત્રી ખ્વાજા સાદ રફીકે ન્યૂયોર્ક પ્રશાસનને ખુલાસો કર્યો હતો કે હોટેલ ત્રણ વર્ષ માટે લીઝ પર આપવામાં આવી હતી. આ પછી, ગયા મહિને સમાચાર આવ્યા હતા કે નાણાકીય મુશ્કેલીઓ વચ્ચે, સરકારે ઈમરજન્સી ફંડ એકત્ર કરવા માટે કરાચી પોર્ટને સંયુક્ત આરબ અમીરાત (UAE)ને વેચવાની તૈયારી કરી છે. પાકિસ્તાન સરકારે ૧૨ ઓગસ્ટ સુધીમાં એરપોર્ટને કોન્ટ્રાક્ટ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની માર્ગદર્શિકા આપી છે અને ૧૨ ઓગસ્ટની આ તારીખ વર્તમાન શાહબાઝ શરીફ સરકારના કાર્યકાળનો અંતિમ દિવસ પણ છે. વડા પ્રધાન શેહબાઝ શરીફ ૮ ઓગસ્ટે નેશનલ એસેમ્બલીને ભંગ કરવા માટે રાષ્ટ્રપતિને ભલામણ મોકલશે.

# ઉલ્ટા ચશ્માંમાં છ વર્ષ બાદ પરત આવી રહ્યા છે દયાભાભી

## સુંદરલાલની વાત સાંભળી જેઠાલાલ, ટપ્પુ અને ચંપકચાચાએ કર્યા ગરબા



મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં દયાભાભીના રોલમાં જોવા મળેલી દિશા વાકાણી ૨૦૧૭માં મેટરનિટી લીવ પર ગઈ ત્યારથી હજી સુધી પરત ફરી નથી. માત્ર જેઠાલાલ, ટપ્પુ અને ગોકુલધામવાસીઓ જ નહીં પરંતુ દર્શકો પણ દયાભાભીની રાહ જોઈને હવે તો થાકયા છે. પરંતુ ખૂબ જલ્દી તેની શોમાં એન્ટ્રી થશે તેમ લાગી રહ્યું છે. લેટેસ્ટ એપિસોડમાં જ્યારે સુંદરલાલ જ્યારે અમદાવાદથી મુંબઈ આવ્યો ત્યારે જેઠાલાલ વારંવાર તેને દયા ક્યારે આવશે તેમ પૂછી રહ્યા હતા, પરંતુ તે દરેક વખતે જવાબ આપવાનું ટાળી દેતો હતો. જે બાદ તારક મહેતા સાથે મળીને જેઠાલાલે પ્લાન બનાવ્યો હતો અને તેઓ બીજીવાર લગ્ન કરી રહ્યા હોવાનું કહી સુંદરલાલને પરત બોલાવ્યો હતો. જ્યારે તે આવ્યો ત્યારે ભીડે જેઠાલાલ માટે છોકરી શોધી રહ્યો હોવાનું કહેવામાં આવ્યું હતું. જો કે, આ માત્ર એક નાટક જ હોવાનું સુંદરલાલે પકડી પાડ્યું હતું. સુંદરલાલે કહ્યું હતું કે, તેના જીજાજી એટલે કે જેઠાલાલ તેના પરિવારને ખૂબ પ્રેમ કરે છે અને તેઓ બીજા લગ્ન વિશે ક્યારેય વિચારી પણ ન શકે. જે બાદ બધાએ ફરીથી તેને દયાભાભી ગોકુલધામ ક્યારે આવશે તેમ પૂછવા લાગ્યા હતા. સુંદરે કહ્યું હતું કે, તે તેમને અત્યારે કહી શકે નહીં કારણ કેતેના માતા પોતાની રીતે બધાનને જણાવવા ઈચ્છતા હતા. જે બાદ સુંદરે તેની બહેનાને આ દિવાળી પર ગોકુલધામમાં પરત મોકલી દેશે તેવું વચન આપ્યું હતું. દરેક વ્યક્તિ ખૂબ ખુશ થઈ હતી તો જેઠાલાલ ખુશીને પચાવી શક્યા નહોતા અને તેમની આંખમાં ખુશીના આંસુ આવ્યા હતા.

જે બાદ સુંદરે દયા પ્રત્યેના જેઠાલાલના બિનસ્વાર્થી પ્રેમના વખાણ કર્યા હતા. જેઠાલાલની સાથે-સાથે તારક મહેતા, ચપ્પુ, બાપુજી, ભીડે, માધવી, પોપટલાલ અને અજલી પણ દયાભાભીની ખબર સાંભળી ઉત્સાહિત થયા હતા. બાદમાં તમામે બીજા લગ્નના નાટક માટે બાપુજીની માફી માગી હતી. જેઠાલાલ, ટપ્પુ અને બાપુજીએ ગરબા કર્યા હતા ત્યારે સુંદર પાછો આવ્યો હતો અને જેઠાલાલને ૪૦ હજાર રૂપિયા હતા. આ સાથે તેણે નટ્ટુ કાકાએ તેને ૨૦ હજાર દીધા હોવાનું કહ્યું હતું. જેઠાલાલને ત્યારે સુંદરે ફરીથી તેના પૈસા પડાવ્યા હોવાની જાણ થઈ હતી. જણાવી દઈએ કે, દિશા વાકાણી મેટરનિટી લીવ બાદ પરત ફરશે તેવી આશા હતી, જે ઠગારી નીવડી હતી. જ્યારે તેમના કમબેકના સમાચાર આવ્યા ત્યારે તે ફરીથી મમ્મી બની હતી. મેકર્સ આસિત મોદીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, દિશા વાકાણીના કમબેકના સવાલ અંગે તેઓ થાકી ગયા છે. તેઓ પણ ઈચ્છે છે કે તે શોમાં આપી પાછી. પરંતુ હાલ તે પરિવાર સાથે રહેવા માગે છે. તેને બે બાળકો છે અને તેથી પાછા આવવા માટે દબાણ ન કરી શકાય. લેટેસ્ટ એપિસોડમાં સુંદરલાલે જેઠાલાલાને આપેલા વચન પ્રમાણે દયાભાભી દિવાળી પર આવશે ઘણા સમયથી મેકર્સ દિશા વાકાણીને રિપ્લેસ કરી શકે તેવી એક્ટ્રેસની શોધમાં છે પરંતુ તેમને હજી સુધી સફળતા મળી નથી.

### અધિક માસનું કથામૃત - કનકચંદ્ર સી. વ્યાસ



જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકાના રાજા હતા ત્યારની આ વાત છે. તેની દ્વારકા નગરીમાં એક''પ્રજ્ઞાચક્ષુ (અંધ) પુરૂષ રહેતો હતો. તેને એક પત્ની અને એક પુત્ર હતા. પિતા-પુત્ર ઘેર ઘેર ભીક્ષા માંગી અને''જીવન નિર્વાહ ચલાવતા હતા.''જે નગરીના રાજા ભગવાન શ્રી કૃષ્ણ હોય તે નગરીની પ્રજા દયાળુ હોય એ તો સ્વાભાવિક જ છે. આ''પ્રજ્ઞાચક્ષુ (અંધ) એવો પુરૂષ ખૂબ જ સંતોષી અને ભલો હતો અને પોતાના કુટુંબ જેટલું મળી રહે એટલે તે વધુ''ભીક્ષા માટે પણ ન ફરતો.''ગામને છેવાડે એક નાનું ઝુપડું બનાવી અને તેમાં એ કુટુંબ રહેતું હતું. પોતાના જીવનમાં સંતોષ અને ''આનંદ હતો. કુટુંબના ત્રણેય સભ્યોને કોઈપણ પ્રકારનું દુઃખ જ ન હતું.''આવા એ કુટુંબમાં એક દિવસ વિચિત્ર બનાવ બની ગયો. તે પ્રજ્ઞાચક્ષુનો પુત્ર સમુદ્ર કિનારે રમવા''ગયો. ત્યાં તે રેતીના ઝુપડાં બનાવતો હતો. ત્યારે ત્યાં એક બીજો છોકરો આવ્યો. તેણે આવીને આ પ્રજ્ઞાચક્ષુના''પુત્રએ બનાવેલા ઝુંપડાને ભાંગી નાખ્યા ત્યારે વિવેક સાથે પ્રજ્ઞાચક્ષુના છોકરાએ કહ્યું, ''ભાઈ, હું માટીના''ઝુંપડા બનાવું તેને તું ભાંગી નાખે છે તને આમ કરવું શોભતું નથી.'' ''આ સાંભળી અને છંછેડાયેલો તે છોકરો કહેવા લાગ્યો, ''તું જ્યાં જ્યાં ઝુંપડાબનાવીશ ત્યાં ત્યાં હું''તોડી નાખીશ. કારણ કે ઝુંપડામાં રહેનારા ગરીબોને હું ધિક્કારું છું.'' આમ, તેણે ગરીબ છોકરાનો તિરસ્કાર''કર્યો.''ગરીબાઈને લીધે તિરસ્કૃત થયેલા એવા તે પ્રજ્ઞાચક્ષુના પુત્રને આ વાત સાંભળી અને ક્રોધ તો ચડ્યો તેમ''છતાં તેણે મન ઉપર કાબૂ રાખી તે છોકરાને કહ્યું, ''જો ભાઈ, કોઈ ગરીબની આ રીતે હાંસી ઉડાવવી એ યોગ્ય''નથી.''''ત્યારે પેલો છોકરો તેના વિશે જેમ તેમ બોલવા લાગ્યો, એટલે પ્રજ્ઞાચક્ષુના છોકરાને ખૂબ જ ક્રોધ ચડ્યો''અને ક્રોધમાંને ક્રોધમાં તેણે પેલા છોકરાને માર માર્યો.''માર મારતા તો મારી ગયો પછી જાણ્યું કે, પોતે કોના છોકરાને માર માર્યો છે ? તે સાંભળી ગભરાઈ''અને ત્યાંથી ભાગ્યો અને પોતોના પિતા પાસે ઘેર ઝુંપડીમાં પહોંચી ગયો. પછી પિતાને સઘળી હકિકત કહી''સંભળાવી અને કહ્યું કે, ''તે છોકરો બીજો કોઈ નહીં પણ આપણા રાજા શ્રી કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમન હતો.''''આ સાંભળી અને પ્રજ્ઞાચક્ષુ અને તેની પત્ની તો ખૂબ જ વિલાપ કરવા લાગ્યા, ''બેટા, તે આ શું કર્યું ?''રાજાના પુત્ર ને ક્યારે માર મરાય ? તે આ મોટી ભૂલ કરી છે. બેટા ગમે તેમ તોય રાજા એટલે રાજા. તારી આ''ભૂલની સજા આપણને સૌને ભોગવવી પડશે. એટલું જ નહીં પોતાના પુત્રને માર ખાધેલો જોઈ અને બળવાન''એવા શ્રી કૃષ્ણતો આપણને ઘાસની પેઠે ઉખાડી અને ફેંકી દેશે. બેટા, તને આવી કુબુધ્ધિકેમ સુઝી ?''''આમ, જ્યારે પ્રજ્ઞાચક્ષુ અને તેની પત્ની વિલાપ કરી રહ્યાં હતાં ત્યાં તો સાક્ષાત શ્રી કૃષ્ણ તેના પુત્ર''અને સૈનિકોને સાથે લઈ પ્રજ્ઞાચક્ષુની ઝુંપડી પાસે આવ્યા. તેમનો કોલાહલ સાંભળી અને પ્રજ્ઞાચક્ષુ, તેનો પુત્ર''અને પત્ની

## દયાળુ રાજા

ઝુંપડામાંથી બહાર નિકળ્યા અને પ્રજ્ઞાચક્ષુ એવા એ ગરીબ તો થરથર કાંપતા બે હાથ જોડતા''મહારાજા શ્રી કૃષ્ણને પ્રાર્થના કરી, ''મહારાજ હું અંધ ગરીબ છું અને મારા પુત્ર એ તમારા પુત્રને માર માર્યો તે''જાણી મને ખૂબ જ દુઃખ થયું. તેણે અજાણતા જ આ દોષ કર્યો છે. તો આપ તો વિશાળ હૃદયના છો અને મારા''બાળકને અલ્પ બુધ્ધિ જાણીઅને આપ ક્ષમા કરોએવી મારી નમ્ર વિનંતી છે.''''એ આગળ કંઈ બોલે તે પહેલાં શ્રી કૃષ્ણ બોલ્યા, ''હું તમારા ત્રણેયની કર્મ-કથની જાણું છું. માટે જ હું''તમારે આંગણે આવ્યું છું. પ્રદ્યુમન આજે નાનો બાળક છે અને તે જો રમતમાં ગરીબ બાળકોના માટીના ઝુંપડા''તોડે તો ભવિષ્યમાં તે રાજા થશે ત્યારે જો ગરીબ લોકોની ઉપર પણ આવો જ અત્યાચાર કરે તો ? તેથી મેં તેને''સત્ય સમજાવ્યું અને તમને તે જ કહેવા આવ્યો છું કે, તમે આ બાબતે કોઈપણ પ્રકારની જરાયે ચિંતા ન કરતા.

આમ કહેતા શ્રી કૃષ્ણએ પોતાની યોગ શક્તિ વડે તે પ્રજ્ઞાચક્ષુની બન્ને આંખો ઉપર હળવેકથી હાથ''ફેરવ્યો ત્યારે તરત જ તે પ્રજ્ઞાચક્ષુની આંખોમાં દ્રષ્ટિનો સંચાર થયો અને તે બધું જ જોવા લાગ્યો. સામે સાક્ષાત''ભગવાન શ્રી કૃષ્ણને જોઈ તેને ચરણોમાં પડી જઈ અને તેમને સાક્ષાત દંડવત પ્રણામ કર્યા.''ત્યારે ભગવાને તે ગરીબને કહ્યું, આજ દિવસ સુધી તે ખૂબ જ દુઃખ ઉઠાવ્યા છે. હવે આજથી તને કોઈ''જાતનું દુઃખ નહીં રહે તેવી વ્યવસ્થા કરું છું કહી ભગવાને તેને ઐશ્વર્ય પણ આપ્યું.

''આજનું ભજન''
ધન્ય એકાદશી એકાદશી,
કરીએ તો વ્રજ સુખ પામીએ.
''મારે એકાદશીનું વ્રત સારું છે,
''એ તો પ્રાણજીવનને પ્યારું છે.
''એ તો પ્રભુ પાસે લઈ જનારું છે, ધન્ય...
''કોઈ બારેમાસ કરે એકાદશી,
''તેના અંતરમાં વશે અવિનાશી.
''નહીં કરશે તે જશે હાથ ઘસી, ધન્ય...
''મારે ગંગા ઘાટે જાવું છે,
''મારે જમુના જળમાં ન્હાવું છે.
''મારે ભવસાગર તરી જાવું છે, ધન્ય...
''જેણે એકાદશીના વ્રત કીધાં છે,
''તેના પાંચ પદારથ સીધ છે.
''તેને પ્રભુએ પોતાના કરી લીધા છે, ધન્ય...
''અંબરીષે એ વ્રત કીધું છે,
''દંડ દુર્વાસાએ દીધું છે.
''રસ ''કલ્યાણ'' રાયે પીધું છે, ધન્ય...

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

ગુજરાત સરકારે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આયોજન અંગે MoU કર્યા !

# હિન્દી ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત એવા ફિલ્મફેર એવોર્ડ્સનું આ વખતે ગુજરાતમાં થશે આયોજન

**● એવોર્ડ્સના આયોજનથી ટુરિઝમ-હોટલ્સ-ટ્રાન્સપોર્ટ જેવા સેક્ટરોને મળશે વેગ ● હિન્દી ફિલ્મ જગતની મોટાભાગની હસ્તીઓનો થશે મેળાવડો : ફિલ્મ ડેસ્ટીનેશન તરીકે રાજ્યને પ્રમોટ કરી શકાશે**

ગાંધીનગર, તા.૨૧

ભારતીય હિન્દી ફિલ્મ ઉદ્યોગ કે જેને બોલિવૂડ તરીકે ઓળખવામાં આવે છે. તેના માટે સૌથી મહત્ત્વપૂર્ણ અને પ્રતિષ્ઠિત ગણાતા ફિલ્મફેર એવોર્ડનું આ વખતે ગુજરાતમાં આયોજન થવા જઈ રહ્યું છે. હિન્દી ફિલ્મ જગતની મોટાભાગની હસ્તીઓના મેળાવડા સમાન આ એવોર્ડ સમારોહ દેશવિદેશના વિવિધ સ્થળે દર વર્ષ્યોજાય છે. જેમાં આ વખતે ગુજરાતની પસંદગી થઈ હોઈ રાજ્યના પ્રવાસન, હોટલ સહિતના ક્ષેત્રે વેગ મળશે અને રોજગાર સર્જન થશે.

આ ૬૯મા ફિલ્મફેર એવોર્ડ્સના આયોજન માટે રાજ્ય સરકારના સાહસ ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ વાઈડ મીડિયા પ્રા.લિમિટેડ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે એમઓયુ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ૨૦૨૨માં જાહેર કરેલી સિનેમેટીક ટુરીઝમ પોલિસીને પગલે ગુજરાતમાં ફિલ્મ ઉદ્યોગો આકર્ષિત થયા છે. તેમાં આ ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૪નું આયોજન વધુ એક સિમાચિહ્ન બનશે.

ગુજરાતમાં પ્રથમ વખત ફિલ્મફેર એવોર્ડ્સ આયોજિત થવા જઈ રહ્યું છે ત્યારે તે સંદર્ભમાં આ MOU સાઈનીંગ અવસરે રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, મુખ્યસચિવ રાજકુમાર, મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, સરકારના વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો, વર્લ્ડવાઈડ મીડિયાપ્રા.લિ.ના સીઈઓ અને હિંદી ફિલ્મ એક્ટર ટાઈગર શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા. આ એમઓયુ ઉપર રાજ્ય સરકાર વતી પ્રવાસન નિગમના એમડી સૌરભ પારઘી અને વર્લ્ડ વાઈડ મીડિયા વતી સીઈઓ દિપક લાંબાએ હસ્તાક્ષર કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપ્રસંગે જણાવ્યું કે, ફિલ્મફેર એવોર્ડ્સએ ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ્સમાંના એક છે. આવા પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહનું આયોજન રાજ્યમાં થવાથી મોટી સંખ્યામાં હસ્તીઓ, ફિલ્મ નિર્માતાઓ અને ઉદ્યોગ વ્યવસાયિકો ગુજરાત આવશે. મુલાકાતીઓનો આ પ્રવાહ રાજ્યમાપ્રવાસન, હોટેલ બુકિંગ અને અન્ય પ્રવૃત્તિઓને વેગ આપશે, અને લોકલ ઈકોનોમી નેબુસ્ટ મળશે તથા એમ્પ્લોયમેન્ટ જનરેશન પણ થઈ શકશે. ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને ગુજરાતની સ્થાનિક સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન સરળ બનાવશે. ગુજરાતના કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વ્યવસાયિકો સાથે વાતચીત અને વિચારોના આદાન-પ્રદાન કરવાની તેમજ ફિલ્મ પ્રોડકશનમાં ન્યુ ટ્રેન્ડ, ટેકનોલોજી અને ટેકનિકસ વિશે જાણવાની તક મળશે. ફિલ્મફેર એવોર્ડ્સના આયોજનથી રાજ્યને ફિલ્મડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ કરી શકાશે. તેનાથી ગુજરાતને સંભવિત ફિલ્મી લોકેશન તરીકે નોંધપાત્ર એક્સપોઝર અને પ્રમોશન મળશે. આ ઈવેન્ટ રાજ્યના કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વારસો અને ઈન્ફાસ્ટ્રકચરનું પ્રદર્શન કરશે, જે ફિલ્મ નિર્માતાઓને



ગુજરાતનો ભવિષ્યના ફિલ્મ પ્રોજેક્ટ્સ માટે બેકડ્રોપ તરીકે ઉપયોગ કરવા માટે આકર્ષિત કરશે. તેના પરિણામે રાજ્યમાં ફિલ્મ નિર્માણ અનેરોકાણમાં વધારો થશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આ આયોજનથી ગુજરાતની ફિલ્મ ઈકોસિસ્ટમ પણ મજબૂત થશે તેમજ વિશ્વભરના પ્રોડક્શન હાઉસ ગુજરાત પ્રત્યે આકર્ષિત થશે તેમજ ગુજરાતમાં કલા, સંસ્કૃતિ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન મળશે. ૨૦૨૪ની શરૂઆતમાં વર્લ્ડવાઈડ મીડિયા ગુજરાતમાં ફિલ્મ ફેર એવોર્ડનું આયોજન કરવાનું વિચારી રહ્યું છે. હિન્દી ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રોફે જણાવ્યું હતું કે, મારા દાદા ગુજરાતી હતા અને પિતાને પરિંદા ફિલ્મ માટે ફિલ્મ ફેર એવોર્ડ પ્રાપ્ત થયેલો છે એટલે જ ફિલ્મ ફેર એવોર્ડ અને ગુજરાત બંને સાથે ખૂબ જૂનો સંબંધ છે. ગુજરાતમાં ફિલ્મ ફેરના આયોજનને પરિણામે ગુજરાતના પ્રવાસન ઉપરાંત ફિલ્મ ઉદ્યોગને વધુ પ્રોત્સાહન મળશઅત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નોકરીની અસંખ્ય તકોનું સર્જન કરે છે. ગુજરાતમાં ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૪નુ આયોજન થતાં ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી, ટ્રાન્સપોર્ટેશન, સુરક્ષા જેવા વિવિધ ક્ષેત્રોમાં રોજગારીનું સર્જન પણ થશે. આ ઈવેન્ટ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને ગુજરાતના વૈવિધ્યસભર પ્રવાસન આકર્ષણો દર્શાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે. ગુજરાત કચ્છનું સફેદરણ, સાબરમતી આશ્રમ અને દ્વારકા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને ગીર ફોરેસ્ટ નેશનલ પાર્ક અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સમૃદ્ધ પ્રવાસન સ્થળોનો ફિલ્મફેર એવોર્ડ્સ હાઈલાઈટ કરશે. ગુજરાત સાથે આ ફિલ્મફેર એવોર્ડનું જોડાણ સિનેમેટિક ટુરિઝમ માટે એક શક્તિશાળી પ્રમોશનલ ટુલ એટલે કે સાધન તરીકે કામ કરશે. આ એવોર્ડ સેરેમની અને તેનું મીડિયા કવરેજ ગુજરાતની ફિલ્મ-ફ્રેંડલી નીતિઓ, ફિલ્મ નિર્માતાઓ માટે પ્રોત્સાહનો અને રાજ્ય દ્વારા ઓફર કરવામાં આવેલા અનન્ય અનુભવોને હાઈલાઈટ કરશે.

# ભારતીય પાસપોર્ટ ધારકોને ૫૭ દેશો વિઝા ફ્રી એન્ટ્રી આપે છે: વાંચો સંપૂર્ણ યાદી



(એજન્સી) તા.૨૧

ભારતનો પાસપોર્ટ પહેલા કરતા વધારે પાવરફુલ થયો છે. તાજેતરમાં જાહેર થયેલા પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૩માં ભારતીય પાસપોર્ટ પાંચ ક્રમ વધીને હાલ ૮૦મા ક્રમે આવી ગયો છે. જ્યારે પાછલા વર્ષે ૧૯૨ દેશોના પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારતીય પાસપોર્ટ ૮૫મા ક્રમે હતો. પાસપોર્ટ ઈન્ડેક્સમાં રેન્કિંગ સુધરતા ભારતીયો હવે વીઝા વગર દુનિયા ૫૭ દેશોમાં જઈ શકશે. જાણો દુનિયાના ક્યા દેશનો પાસપોર્ટ સૌથી પાવરફુલ છે.

પાસપોર્ટ ઈન્ડેક્સના રેન્કિંગ જાહેર થયા બાદ હવે ભારતીય પ્રવાસીઓ વીઝા વિના વિશ્વના ૫૭ દેશોની મુલાકાત લઈ શકશે. એટલે કે આ તમામ ૫૭ દેશોમાં ભારતીયો વીઝા વગર જઈ શકશે અને ત્યાં ફરી શકશે. એટલે ભારતીયો તેમના પાસપોર્ટના આધારે દુનિયાના ૫૭ દેશોમાં જઈ શકશે, ત્યાં જવા માટે વીઝાની જરૂર નહીં પડે. પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૩ અનુસાર દુનિયાનો સૌથી મજબૂત પાવરફુલ પાસપોર્ટ સિંગાપોરનો છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ અનુસાર સિંગાપોરે જાપાનને પાછળ છોડીને વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટ તરીકે સ્થાન મેળવ્યું છે. હવે સિંગાપોરના લોકો માત્ર પાસપોર્ટના આધારે વીઝા વગર દુનિયાના ૧૯૨ દેશોની મુલાકાત લઈ શકે છે. રેન્કિંગ મુજબ, જાપાન પાંચ વર્ષ સુધી દુનિયાના સૌથી પાવરફુલ પાસપોર્ટના ટોચના સ્થાને રહ્યા બાદ હાલ ત્રીજા સ્થાને આવી ગયું છે. પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૩માં જાપાન સહિત અમેરિકા અને બ્રિટનની પણ પીછેહઠ થઈ છે. રિપોર્ટ અનુસાર, જાપાની પાસપોર્ટના સંદર્ભમાં વીઝા ફ્રી એન્ટ્રી કરી શકાય જેવા દેશોની સંખ્યામાં ઘટાડો થયો છે. તો એક દાયકા પહેલા પાસપોર્ટ રેન્કિંગમાં ટોચ ઉપર રહેલું અમેરિકા બે સ્થાન નીચે સરકીને હાલ આઠમા સ્થાને પહોંચી ગયું છે. તો બ્રિટન પાસપોર્ટ ઈન્ડેક્સમાં બે ક્રમની છલાંગ લગાવીને ચોથા સ્થાને પહોંચી ગયું છે. ભારતીય નાગરિકો હવે માત્ર પાસપોર્ટનો ઉપયોગ કરીને ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, રવાન્ડા, જમૈકા અને શ્રીલંકા જેવા દેશોમાં જઈ શકશે. જોકે, ભારતીય પાસપોર્ટ ધારકોએ હજુ પણ ૧૭૭ દેશોમાં પ્રવેશવા માટે વીઝાની જરૂર પડશે. ભારતીય પાસપોર્ટ ધારકોને ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને રવાન્ડા જેવા દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી અને વિઝા ઓન અરાઈવલ મળે છે. અલબત્ત, ભારતીય નાગરિકોને વિશ્વભરના ૧૭૭ સ્થળો જેમ કે ચીન, જાપાન, રશિયા, યુએસ અને સમગ્ર યુરોપિયન યુનિયનના દેશોમાં પ્રવેશવા માટે વિઝાની જરૂર પડે છે. સૌથી નબળા પાસપોર્ટની વાત કરીએ તો અફઘાનિસ્તાનનું નામ સૌથી ઉપર છે. ત્યારબાદ ઈરાક અને સીરિયાનો પાસપોર્ટ પણ સૌથી નબળો છે.

**આ દેશોમાં ભારતીય પાસપોર્ટને આધારે મળશે એન્ટ્રી :-**

બાર્બાડોસ, ભૂતાન, બોલિવિયા, બ્રિટિશ વર્જિન આયલેન્ડ, બુરૂન્ડી, કંબોડિયા, કેપ વર્ડે આયલેન્ડ, કોમોરો આયલેન્ડ, જીબુટી, ડોમિનિકા, એલ સેલ્વેડોર, ફીજી, ગેબોન, ગ્રેનાડા, ગિની-બિસાઉ, હૈતી, ઈન્ડોનેશિયા, ઈરાન, જમૈકા, જોર્ડન, કઝાકિસ્તાન, લાઓસ, મકાઉ, મેડાગાસ્કર, માલદીવ, માર્શલ આયલેન્ડ, મોરિટાનિયા, મોરેશિયસ, માઈક્રોનેશિયા, મોન્ટસેરાત, મોઝામ્બિક, મ્યાનમાર, નેપાળ, નિયુ, ઓમાન, પલાઉ આયલેન્ડ, કતાર, રવાન્ડા, સમોઆ, સેનેગલ, સેશેલ્સ, સિએરા લિયોન, સોમાલિયા, શ્રીલંકા, સેન્ટ લુઈસ કિટ્સ અને નેવિસ, સેન્ટ લુઈસ લુસિયા, સેન્ટ લુઈસ વિન્સેન્ટ, તાંઝાનિયા, થાઈલેન્ડ, તિમોર-લેસ્તે, જાઓ, ત્રિનિદાદ અને ટોબેગો, ટ્યુનિશિયા, તુવાલુ, વનુઆતુ, ઝિમ્બાબ્વે.

# અમેરિકાની એક અજાણી ફૂટબોલ ક્લબ સાથે જોડાઈને લિયોનલ મેસ્સી રોકડમાં ૧૦૦૦ કરોડની કમાણી કરશે



(એજન્સી) તા.૨૧

આર્જેન્ટિનાના ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસીએ ઈન્ટર મિયામી સાથે સત્તાવાર રીતે કરાર કર્યો છે. તે આ ક્લબ માટે ૨૦૨૫ સુધી રમશે. મેજર લીગ સોકર ટીમે તાજેતરમાં આ માહિતી આપી હતી. ૩૬ વર્ષીય મેસ્સીએ ગયા વર્ષે કતારમાં આર્જેન્ટિનાને વર્લ્ડ કપનો ખિતાબ અપાવ્યો હતો અને તેને સર્વકાલીન મહાન ફૂટબોલ ખેલાડી તરીકે ગણવામાં આવે છે. જોકે, આ કરાર કરવા બદલ લિયોનલ મેસ્સીને દર વર્ષે ૫૦થી ૬૦ મિલિયન ડૉલર મળશે. હાલમાં તેમણે અઢી વર્ષ માટે આ કરાર કર્યો છે. મેસ્સીને આ દરમ્યાન ૧૨૫ મિલિયનથી ૧૫૦ મિલિયન ડોલર મળશે એ પણ કેશમાં. જો ભારતના રૂપિયા સાથે આ રકમની સરખામણી કરવામાં આવે તો તે ૧૦૦૦થી ૧૨૦૦ કરોડ રૂપિયાની આજુબાજુ થાય છે. ઈન્ટર મિયામી ટીમ એક સમારોહમાં તેમની સાથે જોડાશે. મેસ્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈન્ટર મિયામી અને યુનાઈટેડ સ્ટેટ્સમાં મારી કારકિર્દીના આગલા તબક્કાની શરૂઆત કરવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. સાત વખતના બેલોન ડી'ઓર વિજેતા મેસ્સીનું પેરિસ સેન્ટ-જર્મેનથી મિયામીમાં આગમન પહેલાથી જ સનસનાટીનું કારણ બની ગયું છે અને સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં રમતગમત અને MLSમાં રસ વધારશે તેવી અપેક્ષા છે. બાર્સેલોના માટે લાંબા સમયથી અજાયબીઓ કરનાર મેસ્સી મિયામી ટીમનું નસીબ ફેરવી દેશે તેવી પણ અપેક્ષા છે. અત્યારે આ ટીમ જીત માટે તલપાપડ છે અને પોઈન્ટ ટેબલમાં તેની હાલત પણ ઘણી ખરાબ છે. મેસ્સીએ કહ્યું, 'આ એક મહાન તક છે અને અમે સાથે મળીને આ સુંદર પ્રોજેક્ટનું નિર્માણ કરવાનું ચાલુ રાખીશું. અમે નક્કી કરેલા ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરવાનો વિચાર છે અને હું અહીં મારી નવી ટીમમાં રમવા માટે ખૂબ જ ઉત્સુક છું.' જ્યારે ઈન્ટર મિયામી લીગ કપમાં ક્રુઝ અઝુલ સામે ઘરઆંગણે રમશે ત્યારે મેસ્સીની શરૂઆતનું આયોજન છે. લીગ્સ કપ એ MLS અને મેક્સીકન લીગ ટીમો વચ્ચેની નવી સ્પર્ધા છે.

# સિંગાપોરનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી અને મહત્ત્વપૂર્ણ,

(એજન્સી) તા.૨૧

સિંગાપોરનો પાસપોર્ટ હવે વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ બની ગયો છે અને તેણે જાપાનનું સ્થાન લીધું છે. સિંગાપોરનો પાસપોર્ટ લેટેસ્ટ હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ અનુસાર વિશ્વભરના ૧૯૨ સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશની મંજૂરી આપે છે. હાલમાં જાપાન છેલ્લા પાંચ વર્ષથી ટોચનું સ્થાન ધરાવે છે. હવે જાપાન ત્રીજા સ્થાને આવી ગયું છે જ્યાં પાસપોર્ટ દ્વારા વિઝા વગર પહોંચી શકાય છે. યુએસ પાસપોર્ટ જે લગભગ એક દાયકા પહેલા ટોચના રેન્ક પર હતો, તે હવે આઠમા સ્થાને છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ મુજબ, સિંગાપોર ટોચ ઉપર છે, ત્યારબાદ જર્મની, ઈટાલી અને સ્પેન છે અને આતમામ પાસપોર્ટ ઉપર ૧૯૦ સ્થળોએ વિઝા વિના પ્રવેશ મળે છે. અફઘાનિસ્તાન તેના પાસપોર્ટ સાથે વિઝા વિના ૨૭ સ્થળોની મુલાકાત લેવાની ઍક્સેસ સાથે તળિયે છે. સિંગાપોર સંપત્તિનું સ્થળ છે અને તેણે પાછલા વર્ષમાં લગભગ ૨૩,૧૦૦ લોકોને નાગરિકતા આપી છે. UAE પાસપોર્ટ ગયા વર્ષ કરતાં ત્રણ સ્થાન ઉપર ચઢી ગયો છે અને વિશ્વના ૧૨મા સૌથી શક્તિશાળી પાસપોર્ટમાં સ્થાન મેળવી લીધું છે. જેમની પાસે અમીરાતી પાસપોર્ટ છે તેઓ હવે વિઝા વિના ૧૭૯ સ્થળોની મુલાકાત લઈ શકશે. તાજેતરના હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ અનુસાર, ભારત આ યાદીમાં ઉપર આવ્યું છે. ભારતીય પાસપોર્ટમાં પાંચ સ્થાનનો સુધારો થયો છે અને હવે તે ૮૦માં સ્થાને છે. ભારતીય પાસપોર્ટધારકો વિઝા વિના ૫૭ સ્થળોની મુલાકાત લઈ શકે છે. ભારતીય પાસપોર્ટ ધારકોને ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને રવાન્ડા જેવા દેશોમાં વિઝા મુક્ત પ્રવેશ અને આગમન ઉપર વિઝા મળે છે. બીજી તરફ, ભારતીય નાગરિકોને ચીન, જાપાન, રશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ અને સમગ્ર યુરોપિયન યુનિયન સહિત સમગ્ર વિશ્વમાં ૧૭૭ સ્થળોએ પ્રવેશવા માટે વિઝાની જરૂર છે.

# વર્ષાઋતુમાં અસ્થમા : વરસાદની ઋતુ દરમ્યાન આ બીમારીને નિયંત્રિત કરવા માટે પાંચ અસરકારક ટિપ્સ

ચોમાસાની ઋતુ આવતા જ ગરમીથી રાહત મળે છે, પરંતુ તે તેની સાથે ભેજ લાવે છે અને વાતાવરણમાં ભીનાશ પણ વધે છે, જે અસ્થમાના લક્ષણોને ઉત્તેજિત કરી શકે છે. અસ્થમા એ શ્વાસોચ્છવાસની એક લાંબી અવસ્થાની બીમારી છે જે વાયુમાર્ગના સોજા અને તે માર્ગ સાંકડા થઈ જવાને લીધે થાય છે. જેના લીધે શ્વાસ લેવામાં તકલીફ, ઉધરસ, ઘરઘરાટી અને છાતીમાં ચેપ થઈ જાય છે. જો તમે અસ્થમાથી પીડિત છો, તો તમારી આ સ્થિતિને અસરકારક રીતે સંચાલિત કરવા માટે વરસાદની મોસમ દરમ્યાન વધારાની સાવચેતી રાખવી મહત્વપૂર્ણ છે. આ લેખમાં, અમે ચોમાસા દરમ્યાન તમારા અસ્થમાના લક્ષણોને નિયંત્રણમાં રાખવા અને સ્વસ્થ રહેવામાં મદદ કરવા માટે છ અસરકારક ટિપ્સની ચર્ચા કરીશું.



**ભારે વરસાદ દરમ્યાન ઘરમાં જ રહો**

જ્યારે બહાર વરસાદ આવે છે, ત્યારે હવામાં ભેજ અને એલર્જન હોય છે, જે અસ્થમાના લક્ષણોને વધારી શકે છે. આ ભેજના તમારા સંપર્કને ઘટાડવા માટે, ભારે વરસાદ દરમ્યાન શક્ય તેટલું ઘરની અંદર રહેવાની સલાહ આપવામાં આવે છે. ભીની હવાને તમારા ઘરમાં પ્રવેશતા અટકાવવા માટે તમારી બારીઓ અને દરવાજા બંધ રાખો. ઘરની અંદરની હવાની ગુણવત્તા સુધારવા માટે ઉચ્ચ કાર્યક્ષમતા પાર્ટિક્યુલેટ એર (HEPA) ફિલ્ટર સાથે એર પ્યુરિફાયરનો ઉપયોગ કરો. સ્વચ્છ અને શુષ્ક વાતાવરણ જાળવો ભીનાશ એ ધૂળની જીવાત માટેનું સંવર્ધન સ્થળ છે, જે અસ્થમાના હુમલાને ઉત્તેજિત કરી શકે છે. તમારી આસપાસના વાતાવરણને સ્વચ્છ અને શુષ્ક રાખવા માટે સક્રિય પગલાં લો. નિયમિતપણે તમારા ઘરને સાફ કરો, ખાસ કરીને ભેજનું જોખમ ધરાવતા વિસ્તારો, જેમ કે બાથરૂમ, ભોંયરૂં અને રસોડું. ઈન્ડોર ભેજનું સ્તર ઘટાડવા અને ધૂળની જીવાતના વિકાસને રોકવા માટે ડિહ્યુમિડિફાયરનો ઉપયોગ કરો.

**એલર્જનના સંપર્કમાં આવવાનું ટાળો**

ચોમાસા દરમ્યાન પરાગ, ધૂળ અને મોલ્ડના બીજકણ જેવા સામાન્ય એલર્જનનો સંપર્ક થવાની સંભાવના વધારે હોય છે. બહાર જતી વખતે સાવચેતી રાખીને તેમના તમારા સંપર્કમાં ઘટાડો કરો. તમારા નાક અને મોંને ઢાંકવા માટે માસ્ક અથવા સ્કાર્ફ પહેરો, જે એરબોર્ન એલર્જનને ફિલ્ટર કરવામાં મદદ કરી શકે છે. વધુમાં, એલર્જનની ઊંચી સાંદ્રતા ધરાવતા સ્થળોની મુલાકાત લેવાનું ટાળો, જેમ કે બગીચા, ઉદ્યાનો અથવા બાંધકામ સાઈટ.

**દવા અને સારવાર યોજનાઓ અનુસરો**

તમારી નિયત અસ્થમાની દવા અને સારવાર યોજનાનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને ચોમાસાની ઋતુમાં. તમારા આરોગ્યસંભાળ પ્રદાતા દ્વારા સૂચવ્યા મુજબ તમારી દવાઓ નિયમિતપણે લો, પછી ભલે તમે લક્ષણો અનુભવતા ન પણ હોવ. આ તમારા અસ્થમા ઉપર નિયંત્રણ જાળવવામાં અને તીવ્રતાના જોખમને ઘટાડવામાં મદદ કરશે. જો તમે ઈન્હેલરનો ઉપયોગ કરો છો, તો ખાતરી કરો કે તેઓ સારી રીતે કામ કરે છે અને સારી સ્થિતિમાં છે અને હંમેશા વધારાનું ઈંહેલર સાથે રાખો.

# મુકેશ અંબાણી, રતન ટાટાને પડકારી ૭૦૦૦ કરોડ રૂપિયાનું બિઝનેસ સામ્રાજ્ય ચલાવનારી મહિલા

નવી દિલ્હી, તા.૨૧

જયંતિ ચૌહાણની આગેવાની હેઠળની પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર કંપની બિસલેરી ઈન્ટરનેશનલ ૩૦ મેના રોજ ઘોષણા કરી હતી કે કંપનીએ કેટલાક નવા કાર્બોરેટેડ પીણાં લોન્ચ કર્યા છે. બિસ્લેરી દ્વારા અનુક્રમે ફિઝી કોલા, ઓરેન્જ અને જીરા કેટેગરીને આવરી લેવા માટે રેવ, પોપ અને સ્પાયસી જીરા સમાંતર-બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે. બિસ્લેરી તેની બિસ્લેરી લિમોનાટા બ્રાન્ડ હેઠળ કાર્બોરેટેડ પીણાં વેચે છે. જયંતિ ચૌહાણની બિસ્લેરીએ નવા ઉત્પાદનોના લોન્ચને સમર્થન આપવા માટે ડિજિટલ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર અનેક માર્કેટિંગ ઝુંબેશ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે બિસ્લેરી ઈન્ટરનેશનલને ટાટા ગ્રૂપ દ્વારા થોડા મહિના પહેલા હસ્તગત કરવાની તૈયારી કરવામાં આવી હતી કારણ કે જયંતિ ચૌહાણના પિતા રમેશ ચૌહાણે તેમના ઉત્તરાધિકારીની ગેરહાજરી અને તેમની વૃદ્ધાવસ્થાને કારણે કંપની વેચવાનું મન બનાવી લીધું હતું. તે સમયે જયંતિ ચૌહાણ જે રમેશ ચૌહાણના એકમાત્ર સંતાન છે, કંપનીનો હવાલો લેવા તૈયાર ન હતા પરંતુ ટાટા સાથેનો સોદો નિષ્ફળ જતાં જયંતિએ પાછળથી પોતાનો નિર્ણય બદલી નાખ્યો અને બિસ્લેરીનો હવાલો સંભાળ્યો. સોફ્ટ ડ્રિંક માર્કેટમાં બિસ્લેરીની એન્ટ્રી પહેલા અબજોપતિ મુકેશ અંબાણીની રિલાયન્સે તેના સોફ્ટ ડ્રિંક્સ બ્રાન્ડ કેમ્પા કોલા નામ હેઠળ લોન્ચ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે મુકેશ અંબાણીએ પ્યોર ડ્રિંક્સ ગ્રુપનું અધિગ્રહણ કર્યું છે. નિષ્ણાતોના મતે સોફ્ટ ડ્રિંક્સ માર્કેટમાં પ્રવેશવાનો બિસ્લેરીનો નિર્ણય મુકેશ અંબાણીની યોજનાને



સીધો પડકાર આપશે. બીજી તરફ, ટાટા ગ્રૂપ સાથેના સોદાને રદ કરવાના બિસ્લેરીના નિર્ણયથી ટાટાને હવે ટાટા કોપર+ અને હિમાલયન સહિતની પોતાની મિનરલવોટર બ્રાન્ડ્સ પર મોટું રોકાણ કરવાની ફરજ પડી છે. તેથી આપણે કહી શકીએ કે જયંતિ ચૌહાણ, જે રૂા. ૭૦૦૦ કરોડના બિઝનેસ સામ્રાજ્યની એકમાત્ર વારસદાર છે તે મુકેશ અંબાણી અને રતન ટાટાની ગ્રુપ કંપની બંને સાથે સ્પર્ધા કરવા તૈયાર છે. જયંતિ ચૌહાણ ન્યૂયોર્ક, દિલ્હી અને મુંબઈમાં મોટી થઈ છે. તેણીએ લોસ એન્જલસમાં ફેશન ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન એન્ડ મર્ચેન્ડાઈઝિંગ (FIDM)માંથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. જયંતિ ચૌહાણે ઈસ્ટીટુટો મેરાગોની મિલાનોમાંથી ફેશન સ્ટાઈલીંગમાં ડીગ્રી પણ મેળવી છે અને લંડન કોલેજ ઓફ ફેશનમાં ફોટોગ્રાફી અને સ્ટાઈલીંગનો અભ્યાસ પણ કર્યો છે.

# વિશ્વની સૌથી મોટી ઈમારત સુરતમાં બની




સુરત, તા.૨૧

આજ સુધી વિશ્વની સૌથી મોટી ઓફિસ કે, બિલ્ડિંગ તરીકે અમેરિકાના રક્ષા વિભાગના મુખ્યાલય પેન્ટાગોનનું નામ સાંભળ્યું હશે અને આ બિલ્ડિંગમાં સૌથી વધારે કર્મચારીઓ કામ પણ કરતા હતા. પરંતુ સુરતમાં ૪ વર્ષના સમયગાળા દરમિયાન બનેલા સૌથી મોટા ડાયમંડ એકસચેન્જે અમેરિકાના પેન્ટાગોનને પાછળ છોડી દીધું છે અને તે વિશ્વની સૌથી મોટી ઈમારત બની છે. આ ઈમારતનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવેમ્બર મહિનામાં કરી શકે છે. સુરતએ વિશ્વમાં રત્ન રાજધાની તરીકે જાણીતું છે જ્યાં વિશ્વના ૯૦ ટકા હીરા કટિંગનું કામ કરવામાં આવે છે. એવુ પણ વિગતો સામે આવી છે કે,આ બિલ્ડિંગમાં ૬૫,૦૦૦થી વધુ હિરા પ્રોફેશનલ્સ કામ કરી શકશે. આમાં પોલિર્શ, કિટર્સ તેમજ અન્ય વેપારીઓ સામેલ થઈ શકશે. આને વન સ્ટોપ ડેસ્ટિનેશનના રૂપમાં બનાવવામાં આવ્યો છે. આ બિલ્ડિંહગનું નામ સુરત ડાયમંડ બોર્સ આપવામાં આવ્યું છે.

એક અહેવાલો અનુસાર ૧૫ માળની ઈમારત ૩૫ એકર જમીનમાં બનાવવામાં આવી છે. તેમાં નવ અન્ય બિલ્ડિંગ્સ છે. આ વિશાળ કોમ્પ્લેક્સ બનાવનાર કંપનીના જણાવ્યા અનુસાર આમાં ૭.૧ મિલિયન ચોરસ ફૂટ ફ્લોર સ્પેસ છે. વિશ્વના ૯૦ ટકા હીરા સુરતમાં કટીંગ કરવામાં આવે છે. ડાયમંડ એક્સચેન્જે અમેરિકાના પેન્ટાગનને પાછળ છોડી દીધુંઆ બિલ્ડિંહગનું નામ સુરત ડાયમંડ બોર્સ આપવામાં આવ્યું છે એક અહેવાલો અનુસાર ૧૫ માળની ઈમારત ૩૫ એકર જમીનમાં બનાવવામાં આવી છે આ બિલ્ડિંગમાં ૧૩૧ લિફ્ટ તેમજ અન્ય કેટલીક સુવિધાઓ પણ છે. આ પ્રોજેક્ટમાં મુંબઈથી આવતા હજારો કર્મચારીઓને લાભ થશે.

SDB એટલે કે સુરત ડાયમંડ એક્સચેન્જ એ બિન-લાભકારી છે. જે કંપની એક્ટ ૨૦૧૩ની કલમ ૮ હેઠળ નોંધાયેલ કંપની છે. આ ઈમારત સુરત અને ગુજરાતમાં ડાયમંડ બોર્સની સ્થાપના અને પ્રચાર માટે બનાવવામાં આવી છે.આ ઓફિસ કોમ્પ્લેક્ષમાં મનોરંજન અને પાર્કિંગ વિસ્તાર છે. જે ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે. આ નવું બિલ્ડીંગ કોમ્પ્લેક્સમાં હજારો લોકોને બિઝનેસ કરવાની ઉત્તમ તકો પૂરી પાડશે. આ બિલ્ડીંગના નિર્માણ પહેલા પણ કેટલાક હીરા કંપનીઓએ પોતપોતાની ઓફિસો ખરીદી લીધી હતી. આ ઈમારતને બનાવવામાં ૪ વર્ષનો સમય લાગ્યો હતા. તે નવી દિલ્હી સ્થિત ભારતીય આર્કિટેક્ચર ફર્મ મોર્ફોજેનેસિસ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. સીએનએન અનુસાર આ પ્રોજેક્ટ્સ લગભગ ૩૨ અબજ રૂપિયાના ખર્ચે તૈયાર થયો છે.

# ૨૪ કલાક ચાલે છે લગ્ન, ૪૦ હજારમાં મળે છે દુલ્હન



નવી દિલ્હી, તા.૨૧

વિશ્વમાં વિવિધ પ્રકારની સંસ્કૃતિઓ છે. દરેક જગ્યાએ રહેવા અને લગ્નને લઈને લોકોના પોતાના રિવાજો છે. ક્યાંક લગ્ન ઝડપથી થાય છે તો ક્યાંક ઘણા દિવસો સુધી ચાલે છે. ક્યાંક છોકરીઓ દહેજ આપે છે તો ક્યાંક છોકરાઓએ દહેજ આપવું પડે છે.

આ ઉપરાંત અન્ય કેટલીક જગ્યાએ લગ્ન પણ ફિલ્મની જેમ થોડા કલાકો સુધી ચાલે છે. અમે વાત કરી રહ્યા છીએ અમારા પાડોશી દેશ ચીનની, જ્યાં કેટલાક વિસ્તારોમાં પુરુષો માત્ર ૨૪ કલાક માટે જ લગ્ન કરે છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના સમાચાર મુજબ, ચીનમાં જે લોકો એટલા ગરીબ છે કે તેઓ લગ્ન દરમિયાન છોકરીને ભેટ અને પૈસા આપી શકતા નથી, તેઓ લગ્ન નથી કરતા. આવી સ્થિતિમાં, તેઓ એક ખાસ પ્રકારના લગ્ન કરે છે, જેના દ્વારા તેમને ફક્ત પરિણીત કહેવામાં આવે છે. ફોનિક્સ વીકલી મેગેઝીનના અહેવાલ મુજબ ચીનના હુબેઈ પ્રાંતમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં એક દિવસીય લગ્નનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. અહીં જે છોકરાઓ ગરીબ છે અને લગ્ન કરી શકતા નથી, તેઓ મરતા પહેલા નામ માટે લગ્ન કરે છે. છેલ્લા ૬ વર્ષમાં આ ટ્રેન્ડ વધ્યો છે. આવા લગ્નો કરાવનાર વ્યક્તિનું કહેવું છે કે તેની પાસે ઘણી પ્રોફેશનલ દુલ્હન છે જેઓ ૪૦,૦૦૦ રૂપિયામાં લગ્ન કરે છે, જ્યારે તેમાંથી તેને ૧૦૦૦ યુઆનનો કાપ મળે છે. આ છોકરીઓ એવી હોય છે જેઓ મોટાભાગે બહારની હોય છે અને જેમને પૈસાની જરૂર હોય છે. વાસ્તવમાં, હુબેઈના ગ્રામીણ વિસ્તારોમાં, એવું માનવામાં આવે છે કે જો કોઈ વ્યક્તિ લગ્ન કરે તો જ તેના મૃત્યુ પછી તેને પરિવારના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવશે. આવી સ્થિતિમાં, લગ્ન કર્યા પછી, ગરીબ પુરુષો કન્યાને તેમના પૂર્વજોના સ્મશાનમાં લઈ જાય છે અને પૂર્વજોને કહે છે કે તેમના લગ્ન થઈ ગયા છે. આ પછી કબ્રસ્તાનમાં તેમનું સ્થાન નિશ્ચિત છે. જો કે, એક કારણ એ પણ છે કે ચીનમાં છોકરીને જે દહેજ આપવામાં આવે છે તે પણ છોકરાને નથી આપવામાં આવતું, જે સામાન્ય રીતે ૧૧ લાખથી ઓછું નથી. તમને જણાવી દઈએ કે ચીનમાં રેન્ટલ ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ અને પેરેન્ટ્સ પણ જોવા મળે છે.

# નીતિશ પાંડેના મોત પછી દેવિકાનું અનુપમામાંથી પત્તું કપાયું?

મુંબઈ, તા.૨૧

ટીવી શો અનુપમામાં દેવિકાના રોલમાં જોવા મળતી એક્ટ્રેસ જસવીર કૌર ઘણાં સમયથી સીરિયલમાં દેખાઈ નથી. આ શોમાં તેના કો-એક્ટર નીતિશ પાંડેનું ૨૩ મેના રોજ અવસાન થયું હતું. જે બાદ જસવીરનો ટ્રેક હોલ્ડ પર જતો રહ્યો છે. હાલમાં જ જસવીરે ખુલાસો કર્યો છે કે, નીતિશ સાથે કામ કરવાનું તે મિસ કરે છે. ઉપરાંત દેવિકાનો ટ્રેક ફરી ક્યારે શરૂ થશે તે અંગે પણ જસવીરે જણાવ્યું છે. જણાવી દઈએ કે, નીતિશ પાંડે ધીરજના રોલમાં જોવા મળતા હતા. જસવીરે કહ્યું, "મેં 'અનુપમા' સીરિયલ માટે ત્રણ મહિના પહેલા શૂટિંગ કર્યું હતું. અનુજ, કપાડિયા હાઉસ છોડીને મુંબઈ જઈ રહ્યો હતો એ વખતે મેં શૂટ કર્યું હતું. આ ટ્રેકમાં મેકર્સે નીતિશના પાત્રની એન્ટ્રી કરાવી હતી. મારા પાત્ર સાથે તેના લગ્ન થવાના હતા. કમનસીબે નીતિશનું અવસાન થયું અને બાદમાં બીજા ટ્રેક આવી જતાં મારો ટ્રેક હોલ્ડ પર મૂકી દેવાયો હતો.

તેણે આગળ કહ્યું, "મારો ટ્રેક ફરીથી આવશે કે કેમ તેના વિશે મને કંઈ ખબર નથી." નીતિશના પાત્રને રિપ્લેસ કરી દેવાશે? જવાબ આપતાં જસવીરે કહ્યું,"મને કંઈ જ ખબર નથી. મને ખાતરી છે કે પ્રોડક્શન ટીમ પાસે પ્લાન હશે જ. મને આશા છે કે મારા પાત્રને જલ્દીથી ફરી બતાવવામાં આવશે કારણકે દેવિકાનું પાત્ર શો માટે મહત્વનું છે. નીતિશ પાંડે સાથે કામ કરવાનું જસવીર મિસ કરી રહી છે. તેણે આ વિશે વાત કરતાં કહ્યું, "તે ખૂબ સિનિયર અને ટેલેન્ટેડ એક્ટર હતા. મને તેમની સાથે કામ કરવાની તક મળી તેથી હું પોતાને નસીબદાર માનું છું. તેઓ મારા સિનિયર અને હતા અને મને તેમની પાસેથી ઘણું શીખવા મળ્યું." 'અનુપમા'ના હાલના ટ્રેકની વાત કરીએ તો અનુપમા પોતાની દીકરી છોટી અનુ માટે થઈને યુએસની ફ્લાઈટમાંથી ઉતરી જાય છે.



# આઈટીસી નર્મદાની અનોખી ફૂડ ટ્રેલ સીરીઝ 'ધી ઓરિજિન સ્ટોરી'ના ત્રીજા એપિસોડમાં સૌરાષ્ટ્રની પાકકલાને રજૂ કરવામાં આવી









(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૧

ગુજરાતની અદભૂત વૈવિધ્યતા અને ભૌગોલિક પ્રસારને કારણે તેના અલગ-અલગ ક્ષેત્રોમાં વાનગીઓની વૈવિધ્યતા પણ એટલી જ જોવા મળે છે.આઈટીસી હોટેલ્સની અમદાવાદમાં આવેલી વૈભવી કલેકશન પ્રોપર્ટી આઈટીસી નર્મદાએ તેની વિશિષ્ટ પ્રકારની ફૂડ ટ્રેલ સીરીઝ 'ધી ઓરિજિન સ્ટોરી'નો ત્રીજો એપિસોડ લૉન્ચ કર્યો છે, જેમાં ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશની વિશિષ્ટ પ્રકારની પાકકલા દ્વારા બનાવવામાં આવેલી અનેકવિધ સ્વાદિષ્ટ વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.ગુજરાતના દરિયાકાંઠે અને અર્ધ-શુષ્ક વિસ્તારમાં આવેલો સૌરાષ્ટ્ર પ્રદેશ અહીંના સ્વાદિષ્ટ ભોજન અને અહીં વસતાં પ્રેમાળ લોકોના હેતાળ આતિથ્યસત્કાર માટે જાણીતો છે.

અમદાવાદ સ્થિત આઈટીસી હોટેલ્સની પ્રીમિયમ વૈભવી પ્રોપર્ટી આઈટીસી નર્મદા, જેના સ્વાદના મૂળ ગુજરાતની ધરતીમાં રહેલા છે, તેવી અધિકૃત વાનગીઓ પૂરી પાડીને ઉત્તમોત્તમ સ્વાદનો અનુભવ પૂરો પાડવાની પોતાની કટિબદ્ધતાને વરેલી છે અને પોતાની આ કટિબદ્ધતાને પૂરી કરવા માટે તેણે 'ધી ઓરિજિન સ્ટોરી' નામની એક વિશિષ્ટ પ્રકારની ફૂડ ટ્રેલ સીરીઝ લૉન્ચ કરી છે. આ પહેલના ભાગરૂપે પ્રથમ ફૂડ ટ્રેલ મે મહિનાની શરૂઆતમાં રાજકોટ શહેરમાં યોજાઈ હતી અને બીજી ફૂડ ટ્રેલ સુરત અને દક્ષિણ ગુજરાતમાં યોજાઈ હતી.

'ધી ઓરિજિન સ્ટોરી'નો આ ત્રીજા એપિસોડ તમને સૌરાષ્ટ્રના કાઠિયાવાડ પ્રદેશમાં લઈ જશે, ખાસ કરીને તે તમને જામનગર, જૂનાગઢ, મોરબી, પોરબંદર, માંગરોલ અને અમરેલીના સ્થાનિક સ્વાદનો પરિચય આપશે. આ ક્ષેત્રની સુંદરતા કાઠિયાવાડી વ્યંજનોની દ્વિમુખી પદ્ધતિમાં રહેલી છે, જે વ્યંજનોને ખૂબ જ સાદગીથી બનાવવામાં આવતાં હોવા છતાં તે ખૂબ જ વૈવિધ્યસભર હોય છે. આ ક્ષેત્ર મોટાભાગે અરબ સાગરથી ઘેરાયેલો હોવા છતાં સૌરાષ્ટ્રની ભોજનપ્રણાલીમાં ઊંચા દરજ્જાના શાકાહારી વ્યંજનોનો જ સમાવેશ થાય છે.

આઈટીસીના શેફ અભિષેક મોદી સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડના પ્રદેશમાં આવેલા પહાડો, વન્યજીવ, સુંદર દરિયાકાંઠાઓ, સ્થાપત્યકીય અને ધાર્મિક સ્થળોની મુલાકાત લઈને તેના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોને ખૂંદી વળ્યાં હતા તથા તેમણે જે-જે સ્થળોની મુલાકાત લીધી ત્યાં-ત્યાં તેમને ભૌગોલિક વૈવિધ્યતાની જેમ જ સ્વાદમાં પણ એટલી જ વૈવિધ્યતા માણવા મળી હતી.

કાઠિયાવાડનું ભોજન ગુજરાતના અન્ય પ્રદેશોની જેવું જ હોવા છતાં ઘણું અલગ છે, જે તેની પોતાની અલાયદી લાક્ષણિકતાઓ ધરાવે છે. અહીંની વાનગીઓમાં સ્થાનિક અને સીઝનલ સામગ્રીઓ ઉપરાંત લસણ, ડુંગળી અને લીલાં મરચાં, મિલેટ્સ, વિવિધ પ્રકારની દાળ, ટામેટા અને રીંગણના સ્ટ્રોંગ ફલેવરને અનુભવી શકાય છે.

શેફ અભિષેકે જામનગરની ખટમીઠ્ઠી ખુશ્બુદાર કચોરીઓને મન ભરીને માણી હતી, જે બહારથી કડક પોપડીદાર ટેક્સચર ધરાવે છે અને તેની અંદર રહેલા પૂરણમાં અનોખા સ્વાદ માણવા મળે છે. તેના દરેક બાઈટમાંથી સ્વાદિષ્ટ મસાલાઓના અદભૂત ફલેવર અને સૂકામેવાની પૌષ્ટિકતા પ્રાપ્ત થાય છે. એક દાયકા જૂના આઉટલેટ જાફરભાઈની મુલાકાત એ આ યાત્રાનું મુખ્ય આકર્ષણ હતું, જ્યાં સૌરાષ્ટ્રના અત્યંત પ્રખ્યાત ઘૂઘરા બનાવવામાં આવે છે તથા તેને ખૂબ જ પ્રેમથી અને સ્મિતની સાથે પીરસવામાં આવે છે. આવી જ એક અન્ય જાણીતી વાનગી એટલે ઘૂંટો, જે કાઠિયાવાડમાં આવેલા જોડિયાની એક ઓછી જાણીતી વાનગી છે. વાસ્તવમાં ઘૂંટો લગભગ ૨૫ જેટલા શાકભાજી અને મસૂરની દાળનું નરમ મિશ્રણ હોય છે, જેને તાજા સુગંધિત મસાલાઓનો આછો વઘાર કરીને બનાવવામાં આવે છે. આ પૌષ્ટિક વાનગી ખરેખર અનેક સ્વાદનું મિશ્રણ છે.

ત્યારપછીનો પડાવ જૂનાગઢ હતો, જે એક સમયે નવાબોનું રજવાડું હતું અને તે તેની વિશિષ્ટ પ્રકારની વાનગીઓના ભંડાર માટે પણ જાણીતું હતું. શેફ અભિષેકે અહીં નાગર બ્રાહ્મણ સમુદાયોના સ્વાદિષ્ટ વ્યંજનો બનાવવાની સૂક્ષ્મ બાબતો શીખી હતી. અહીંની વાનગીઓ પર આ સમુદાયનો પેઢી દર પેઢી ઘણો પ્રભાવ રહ્યો છે. 'ખાટી અડદની દાળ' અને 'દુધિયો બાજરો' એ રોજબરોજ ખવાતી એવી વાનગીઓ છે, જેને દરેક ઘરમાં પ્રેમથી ખાવામાં આવે છે. આ યાત્રામાં માંગરોલના અંતરિયાળ વિસ્તારોની પણ મુલાકાત લેવામાં આવી હતી, જ્યાં તાજા લીલા નાળિયેરમાંથી બનાવવામાં આવેલી મીઠાઈ સાદી હોવા છતાં અત્યંત સ્વાદિષ્ટ હતી. 'લીલા નાળિયેરના હલવા'ને છીણેલા નાળિયેર, ઘી, ખાંડ અને ઉકાળીને ઘટ્ટ કરવામાં આવેલા દૂધ એમ ચાર સામગ્રીમાંથી બનાવવામાં આવે છે. કાઠિયાવાડી વ્યંજનોના સ્વાદને માણવા, તેનો અનુભવ મેળવવા અને તેને બનાવવાની વિવિધ પદ્ધતિઓનો વૃત્તાંત તૈયાર કરવાની સાથે-સાથે આઈટીસીના શેફે અહીંની સંસ્કૃતિ, લોકોના સ્વાદની પસંદગી અને ટેવોનો પરિચય પણ કેળવ્યો હતો.

આઈટીસી નર્મદાના જનરલ મેનેજર કીનન મેકીન્ઝીએ સમજાવ્યું હતું કે, 'ધી ઓરિજિન સ્ટોરી' એ ગુજરાતના વિવિધ પ્રદેશોના સ્વાદને માણવા અને જાણવા માટેની એક વિશિષ્ટ પહેલ છે, જેના ભાગરૂપે અમે આ વખતે ખૂબ જ વૈવિધ્યસભર પરિદ્રશ્ય ધરાવતા કાઠિયાવાડના પ્રદેશની મુલાકાત લીધી હતી, જ્યાં સ્વાદની વૈવિધ્યતાની ખૂબ જૂની પરંપરા છે. આ પહેલ પાછળનો અમારો વિચાર સસ્ટેનેબિલિટી અને વૈભવને જવાબદારીપૂર્વક માણવાની અમારી પ્રકૃતિને યથાવત્ જાળવીને આ પ્રદેશોની અધિકૃત, લોકપ્રિય છતાં ઓછી જાણીતી વાનગીઓની પ્રતિકૃતિ તૈયાર કરી તેને આઈટીસીના કિચન્સમાં અપનાવવાનો છે. વળી, 'ધી ઓરિજિન સ્ટોરી' માનનીય સરકારની મિલેટ યરની પહેલ તથા ગુજરાતની પાકકલાની સમૃદ્ધ પરંપરા અને સંસ્કૃતિને આપવામાં આવેલું એક સન્માન પણ હશે.'

ઓરિજિન સ્ટોરીમાં જેટલી પણ વાનગીઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે, તે બધી જ વાનગીઓને ટૂંક સમયમાં જ આઈટીસી નર્મદાના પ્રશંસકો અને મહેમાનોને ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેના માટે અગાઉથી ઓર્ડર આપવાનો રહેશે. 'ધી ઓરિજિન સ્ટોરી' ચાર વીડિયોની શ્રેણી હશે, જેમાં રાજ્યની ભૂગોળ, લોકો અને બોલીઓ જેટલા જ વૈવિધ્યસભર ગણાતા ગુજરાતના પાકશાસ્ત્રની સમૃદ્ધ સંસ્કૃતિ વિશે જાણકારી મેળવવામાં આવશે.આ સમગ્ર અનુભવને વધુ સમૃદ્ધ, અધિકૃત અને તેની મૂળભૂત પ્રકૃતિને અનુરૂપ બનાવવા માટે ગુજરાતના ઘરોમાં અવારનવાર ખવાતી આ પરંપરાગત વાનગીઓને રાંધવાની પદ્ધતિ, તેને બનાવવા માટે ઉપયોગમાં લેવાતા વાસણો અને પરંપરાગત સામગ્રીઓ વિશે ઊંડી સમજણ કેળવવા આઈટીસીની ટીમ પાકશાસ્ત્રના આદરપાત્ર ઈતિહાસકારો પાસેથી મૂલ્યવાન જાણકારી મેળવી રહી છે.



ભ્રષ્ટાચાર ન કરૂ તો તાવ આવી જાય છે !



લોક સભાની ચુંટણીની વાતો થાય છે ને ?
બી.પી. તો રહેશે !

# મહાનગર જૂનાગઢનાં કહેવાતા ભાજપનાં ભ્રષ્ટ શાસકો... શાનમાં સમજી જાય તો ઠીક છે બાકી જનતાને ખબર જ છે કે ૨૦૨૪ની લોકસભાની ચુંટણીમાં શું કરવું..!

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૩૦૦ પ્લસ બેઠક લક્ષ્ય સિધ્ધ કરવા ૨૦૨૪ની તૈયારીમાં ગળાડુબ ભાજપ પછી રાજકીય તજજ્ઞોમાંથી ઉઠતો પ્રશ્ન

**મહાનગરમાં ફરતા.. ફરતા..**
**- ગોરધન પાઘડાર**
**સિનીયર પત્રકાર**

જૂનાગઢતા. ૨૧

૨૦૨૪ની લોકસભાની ચુંટણીઓની તૈયારીઓમાં ભાજપ સહિતનાં તમામ રાજકીય પક્ષો કામે લાગી ગયા છે. કોંગ્રેસ સહિતનાં ૨૦થી વધુ રાજકીય પક્ષો 'ગઠબંધન'ની નીતિ સાથે ગમે તે ભોગે ભારતીય જનતા પક્ષ એવમ્ એનડીએનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિજય રથયાત્રાને ૨૦૨૪ની લોકસભામાની ચુંટણીઓ રોકવા માટેના એક નવા એજન્ડા સાથે આગળ વધી રહયાં છે.

જયારે ભારતીય જનતા પાર્ટી એવમ્ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'ભાજપને વધુ એક તક'ના નવા સુત્ર સાથે ૩૦૦ પ્લસનાં લક્ષ્યાંકને પાર પાડવા નવા ડેમોક્રેટીક એલાયન્સ (એનડીએ)ને પુર્નઃજીવત કરવા ભાજપની આગેવાનીવાળા એનડીએના ૧૯ જેટલા નાના મોટા પ્રાદેશિક પક્ષોની એક બેઠક બોલાવનાર છે. જેમાં ખુદ વડાપ્રધાન એવમ્ ભાજપ સુપ્રિમો નરેન્દ્ર મોદી જોડાનાર છે. ત્યારે આ પહેલા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનાં પ્રધાન મંડળનાં તમામે તમામ મંત્રી મંડળની એક તાબડતોબ બેઠક બોલાવી હતી જેમાં તમામ મંત્રીઓએ પોતપોતાનાં ખાતા દ્વારા કરવામાં આવેલી જન વિકાસની કામગીરી, સિધ્ધિઓ સાથે કામે લાગી જવા અને ૨૦૨૪ની લોકસભાની ચુંટણીઓમાં ભાજપને ત્રણસો ઉપરની બેઠક લાવવાનાં લક્ષ્યાંકને પાર પાડવા એવમ્ કોઈપણ ભોગે આમ તો 'વિકાસની સિધ્ધિઓ લોકોનાં ઘર ઘર સુધી' એવમ્ ચુલા સુધી પહોંચાડવા હાકલ કરી હતી તેનાં ભાગરૂપે સારાયે દેશમાં એક અનોખા પ્રકારનાં 'રાજ' સાથે સારાયે દેશમાં ઓળખાતા 'ઉત્તરપ્રદેશ'માં 'યોગીજી'નાં નેતૃત્વ હેઠળ ભાજપે ૨૦૨૪ની લોકસભાની ચુંટણી માટે 'કમર કસી' રહી છે.

ભાજપ સત્તામાં પાછા ફરવા માટે એવમ્ ભાજપનો લોકો મતદારો વધુ એક તક આપશે તે આધારીત મુદાઓ પર આશા રાખી છે તેનો મજબુત આધાર ઉત્તરપ્રદેશમાં હોવાથી ભાજપે અત્યારથી જ ચુંટણી સંબંધી કામગીરી હાથ ધરી દીધી છે.

ઉત્તરપ્રદેશની સાથો સાથ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે બીજો આધાર 'ગુજરાત' ગણાય છે. કેમ કે ગુજરાત એ નરેન્દ્ર મોદીનું 'હોમટાઉન' છે. જયાંથી લોકપ્રિયતા એવમ્ લોકકિતનાં બળ પર દિલ્હીની ગાદી નરેન્દ્ર મોદીએ સર કરી છે એટલા માટે ગુજરાતની જનતા પ્રજા પર મોદીનો એટલો ભરોસો છે કે ૨૦૨૪ની ચુંટણીમાં પણ ગુજરાતની તમામે તમામ ૨૬ બેઠકો ભાજપનાં જ હાથમાં રહેવી જોઈએ. મતલબ કે ગુજરાતમાંથી એક બેઠકનો ઘટાડો એ ૩૦૦ પ્લસ બેઠકોને અસર પહોંચાડી શકે છે.

ટુંકમાં ઉત્તરપ્રદેશ જેટલુ મહત્વ ગુજરાત રાજયનું ૨૦૨૪ની લોકસભાની ચુંટણીમાં ભાજપ માટે એવમ્ નરેન્દ્રભાઈ મોદી માટે હોવાથી ગુજરાત રાજયમાં આવેલા હિન્દુ સનાતન ધર્મનાં આસ્થા-શ્રધ્ધા સમાન મંદિરો એવમ્ સ્થાનોનાં કારણે કરોડો રૂપિયાના ખર્ચે વિકસાવવાના એજન્ડા સાથે ભાજપ આગળ વધી રહયો છે. અનો ગુજરાતના ભાજપના નોતાઓ, આગેવાનો અનો મુખ્યમંત્રીથી માંડીને સામાન્ય ગામડાના સરપંચ સહિતનાં શાસકો કામે લાગી જવાની વાત ઉપર દિલ્હીથી ભાર મુકવામાં આવ્યો છે.

તે જોતા જે પ્રકારે ઉત્તરપ્રદેશમાં યોગીજીના નેતૃત્વમાં ૨૦૨૪ની લોકભાસની ચુંટણીની તૈયારીઓ થઈ ચુકી છે તેવી કોઈ કામગીરી અત્યારે ગુજરાત રાજયમાં જોવા કે જાણવા મળતી નથી. અને તેમાંય ખાસ ખજુરાનો એક ટાંગો (પગ) ભાંગે તો પણ શું ? ન ભાંગે તો પણ શું ? તેવા તુંડ મિજાજમાં રાચતા જૂનાગઢ મહાનગરના ભાજપના શાસકો પોતાની અણઆવડત કે પછી પદ, પૈસો અને પ્રતિષ્ઠા પાછળ દોડવાનો એકમાત્ર લક્ષ્યાંક હોય તેમ મહાનગરનો અણઘડ વહીવટ પ્રજાકીય બનાવવાને બદલે એવમ્ લાજવાને બદલે ગાજતા હોય તેવું જણાય રહયું છે.

આમ તો જૂનાગઢ મહાનગર કોઈ કહી શકાય તેવો જનતાનો વિશ્વાસ સંપાન કરી શકે તેવો મોટો કદાવર નેતા જ વિપક્ષ કોંગ્રેસ પાસે ન હોવાથી કહેવાતા જૂનાગઢ મહાનગરનાં શાસકોની 'બાંધી મુડી લાખ'ની રહી જવા પામી છે. બાકી મહાનગરના અણઘડ વહીવટથી અને ભ્રષ્ટાચારથી એટલી બધી ત્રાસી ગયેલ છે કે તેનો પડઘો પાડવા માટે કોંગ્રેસ પાસે જો કોઈ સબળ, વિશ્વાસુ આગેવાન નેતા હોય કે પછી પક્ષીય સંગઠનનું મજબુત માળખું મહાનગરમાં હોત તો મહાનગરપાલિકાનાં એક... એક... ભાજપનાં શાસકોને ઘરબહાર પગ મુકતા પહેલા સોવાર વિચાર કરવો પડે તેટલા પ્રશ્નોની વણજાર વચ્ચે જનતાનો અવાજ પ્રશ્નો દબાઈ ગયા છે. પરીણામે ભાજપના શાસકો એવા તુંડ મિજાજમાં છે કે 'લોકસભાની' બેઠક તો હાથવેંતમાં જ છે!

જો કે વડાપ્રધાન મોદી એક અનોખા પ્રકારનાં 'ચાણકય' રાજનીતિનાં અઠંગ ખેલાડી હોવાથી એટલુ તો જાણે છે કે જો મહાનગરની જનતા આ વખતે વિફરશે તો આ બેઠક પરથી કદાચ હાથ ધોય પણ નાખવા પડે. જો કે થોડા સમય પહેલા ખાનગી રાહે થયેલા રાજકીય સર્વેમાં 'જૂનાગઢની સાંસદ બેઠક' ભયમાં હોવાનું રાજકીય તજજ્ઞોના તારણ પછી વડાપ્રધાન અને રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ જાગૃત બની આ બેઠક પરના રાજકારણની ગતીવિધિઓ પર નજર રાખી રહયા છે. તેના ભાગરૂપે તાજેતરમાં જૂનાગઢનાં ગરવા ગિરનારને એક અનોખા પ્રકારનું 'યાત્રાધામ' બનાવવાના બારણા નહી પરંતુ રાજયની તિજોરી ખુલ્લી મુકી દીધી હોય તેમ કરોડો રૂપિયા ગરવા ગિરનારને સોહામણો બનાવવાના વિવિધ વિકાસ અને જનસુવિધા-સુખાકારીના કામોને લીલીઝંડી આપી છે.

જેમ ઉત્તરપ્રદેશમાં દાખલ થતા પહેલા યાત્રાળુઓને 'શ્રી રામ જન્મભૂમિ' એવમ્ અયોધ્યા મંદિર નાયા અંદાજમાં દેખાય તેમ જૂનાગઢમાં પ્રવેશતાની સાથે જ યાત્રાળુઓને સોહામણો ગરવો ગિરનાર નવા રૂપરંગ સાથે સોહામણો લાગે એવમ્ જૂનાગઢ મહાનગરની ઓળખ જ નવા રૂપ સાથે બદલાય જાય. પરંતુ ખાટલે મોટી ખોટ, ગરવો ગિરનાર તો જૂનાગઢ મહાનગરથી પાંચ-સાત કિમીનાં અંતરે આવેલો છે ત્યાં જવાનાં તમામ માર્ગો એવમ્ પ્રવેશ માર્ગો જેમ વહુના પગલા બારણામાંથી એમ મહાનગરનાં નાના મોટા રસ્તાઓ, રાજ માર્ગો પર અડીંગો જમાવીને મુકતપણે હરતા ફરતા રખડુ પશુઓ રસ્તાને કદરૂપા બનાવે તેવા આડેધડ થયેલી પેશકદમી અને વાહન ટ્રાફીક, નરસિંહ મહેતા તળાવની કામગીરીમાંથી આવતી ભ્રષ્ટાચારની બદબું રેલ્વે ફાટક પ્રશ્ને મૌન..!

ગરવા ગિરનારના દર્શનાર્થે આવનારા યાત્રાળુઓને થોડામાં ઘણો સંદેશા આપી દેનાર હોય મતલબ કે સોનાની થાળીમાં લોઢાનાં મેખ સમા મહાનગરનાં ભાજપનાં કહેવાતા કેટલાક માલખાઉ શાસકોનો 'કાન' પકડવામાં ભાજપનું મોવડી મંડળ ઉણુ ઉતરશે તો... ભલે અત્યારે જનતાનાં અવાજનો મુંઝારાનો કોઈ પડઘો પાડનાર વિપક્ષ નેતાઓ કે સામાજીક આગેવાનો ન હોય પરંતુ ખુદ જનતા પોતાના મુંઝારો પડઘો સિધ્ધો જ ૨૦૨૪ની થનાર ચુંટણીમાં 'મતપેટી'માં મતદારો રોષ ઠાલવે તો ? આ વાત.. માત્રથી ભાજપનું ગાંધીનગરનું ભાજપનું મોવડીમંડળ ધ્રુજી ઉઠયું હોવાનું મહાનગરનાં સંનિષ્ઠ, પ્રમાણીક એવા નાના મોટા આગેવાનો, કાર્યકરોમાં ચર્ચાતું જોવા મળે છે,

જો કે ભાજપની 'માતા' ગણાતા એવા બુઝર્ગ મહિલા નેતા એવા સુર્યકાંતભાઈ આચાર્યનાં ધર્મપત્ની હેમાબેન આચાર્યે તાજેતરમાં એક નિવેદનમાં જણાવેલ કે જૂનાગઢમાં અન્ય કામો માટે કોઈ 'રૂમાલ પાથરવા'ની જરૂર નથી. જો આંદોલન જ કરવું હોય તો 'ભ્રષ્ટાચાર' માટે રૂમાલ પાથરો. આ નિવેદન થોડામાં ઘણુ કહી જાય છે કે હવે ભાજપમાં આવો અને પ્રથમ ભ્રષ્ટાચાર મુકત લોકઉપયોગી વિકાસની કામગીરીમાં જોતરાઈ જાવ.. બાકી જનતાને.. પ્રજાને.. લોકોને.. મતદારોને... ખબર જ છે કે હવે પછી ૨૦૨૪ની ચુંટણીમાં શું કરવુ..?

# જૂનાગઢમાં અવિરત રહેલી મેઘવર્ષા : અનેક વિસ્તારોમાં પાણી ભરાયા









જૂનાગઢતા. ૨૧

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં છેલ્લા ત્રણ દિવસ થયા મેઘરાજા અનરાધાર વરસી રહયા છે. આજે પણ સવારથી જ વાદળોની બોછાર વચ્ચે મેઘવર્ષા સતત ચાલુ રહી હતી. વરસાદી માહોલ વચ્ચે જૂનાગઢ સહીત સોરઠનાં વિવિધ તાલુકાઓમાં વરસાદ પડયાનાં અહેવાલ છે. દરમ્યાન સતત વરસી રહેલા વરસાદને પગલે નદી, નાળા, ડેમોમાં પાણીની ભરપુર આવક થઈ છે. ગિરનાર જંગલ વિસ્તારમાં પણ ખુબ જ વરસાદ પડવાનાં કારણે દામોદર કુંડ, સોનરખ નદી, નોલ નદી, ગુંડાજલી નદી, કાળવાનો વોંકળો વગેરેમાં ભરપુર પાણી આવ્યા હતાં. નીચાણવાળા વિસ્તારોમાં હજુ પણ પાણીનાં પાટોડા ભરાયેલા જોવા મળે છે. તેમજ જૂનાગઢ શહેરમાં આવેલા અન્ડરબ્રીજમાં પણ પાણી ભરાયેલા યથાવત રહયા છે. ફાર્મસીનાં અન્ડરબ્રીજમાં ભરેલું પાણી ૨૪ કલાક પછી પણ ઉતર્યુ નહતું. આ ઉપરાંત ભારે વરસાદથી ગિરનાર અને દાતાર પર્વત ઉપરથી શરૂ થયેલા ઝરણા ચાલુ રહયા હતાં. જેને લઈને પર્વતીય વિસ્તારનું વાતાવરણ નૈસર્ગીકથઈ ગયું હતું. જોષીપરા સહિતનાં વિસ્તારોનાં લોકો અન્ડરબ્રીજમાં ભરાયેલા પાણીનાં કારણે મુશ્કેલીમાં મુકાયા હતાં. તેમજ કેટલાક નીચાણવાળા વિસ્તારમાં ભારે વરસાદને લઈને પાણી ઘરમાં ઘુસી ગયા હતાં. આ ઉપરાંત શહેરમાં પડેલા ભારે વરસાદને પગલે રસ્તાઓ વધુ ખેદાન-મેદાન થઈ ગયા હતાં. આ લખાય છે ત્યારે ૧૧ કલાકે વરસાદનું જોર ઘટી ગયું છે અને મેઘરાજાએ બ્રેક લગાવી હોય તેમ લાગે છે. પરંતુ બીજી તરફ બે દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે ત્યારે તંત્ર સાબદું બની ગયું છે.

# જૂનાગઢ : ગણેશનગરમાં ૧૦૦થી વધુ ઘરોમાં પાણી ઘુસ્યા

## પાણી આવ્યું ખરૂ પણ એટલું ઝડપથી ગયું નહીં, લોકોએ ક્યાંક તો જાતે પાણી ઉલેચવા પડયા : સાપ,મગર જેવા જીવજંતુના ભયના ઓથાર હેઠળ બાળકો મેળવે છે શિક્ષણ



જૂનાગઢતા. ૨૧

જૂનાગઢ શહેરમાં આવેલ ગણેશનગરમાં વરસાદી પાણીથી સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ગણેશનગર પ્રાથમિક શાળા સહિત ૧૦૦ જેટલા ઘરોમાં વરસાદી પાણી ઘુસી ગયા છે. તેમ છતાં કોઈપણ અધિકારી, પદાધિકારીઓ અહિં મુલાકાત લેવા કે લોકોની હાલાકી જાણવા આવ્યા નથી. સ્કૂલમાં પાણી ભરાઈ જતું હોય સામાન્ય વરસાદમાં પણ સ્કૂલમાં રજા રાખવાની ફરજ પડી રહી છે એમ આમઆદમી પાર્ટીના શહેર પ્રમુખ તુષાર સોજીત્રાએ જણાવ્યું હતું. વળી, માત્ર વરસાદી સિઝન પુરતું જ નહિ અહિં બારે માસની સમસ્યા એ છે કે, સ્કૂલની પાછળ જ તળાવનું પાણી ભરાયેલું રહે છે. પરિણામે અનેક વખત સાપ, મગર જેવા જીવજંતુ આવી ચડે છે જેથી વિદ્યાર્થીઓ સતત ભયના ઓથાર તળે શિક્ષણ મેળવવા મજબૂર બનેછે. સ્કૂલના મેદાનમાં ભરાયેલા પાણીમાં માછલીઓ તરે છે. ત્યાર માછલીઓ વરસાદી પાણી ઘુંસ્યા હોય તો જ આવી હોય, સ્કૂલની દિવાલ કૂદીને તો આવી ન હોય તે સ્વાભાવિક જ છે. વળી, આ વિસ્તારના ૧૦૦થી વધુ લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘુંસી ગયા છે. પરિણામે સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી હજુ ભૂગર્ભ ગટરની સુવિધા મળી નથી અને ખુલ્લી ગટર પસાર થાય છે. એક મહિનાથી સ્થાનિક લોકો વહેતા વરસાદી પાણી અને ગટરની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. ગોઠણ ડૂબ પાણી ભરાયા હતા તેમજ દિવાલ પણ પડી ગઈ હતી. છતાં મત લઈ જીતનાર મેયર પણ ડોકાયા નથી.

## નવા ભવનાથમાં મકાન ધરાશાયી સદભાગ્યે કોઇ જાનહાનિ નહીં

જૂનાગઢતા. ૨૧

જૂનાગઢમાં બે દિવસથી મેધરાજાએ ભારે જમાવટ કરી છે. શહેર તથા ગિરનાર પર્વત પર ધોધમાર વરસાદ વરસતા ભવનાથમાં પાણી ફરી વળ્યા હતા. જેને કારણે નવા ભવનાથ વિસ્તાર એટલે કે લાલધોરી નજીક આવેલ બાલમંદિરની સામે વરસાદને કારણે રહેણાક મકાન ધરાશાયી થયું હતું. કમનસીબે જાનહાની ટળી હતી.


**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૯૯૨૪૭ ૨૪૮૬૧

**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેન્જ ઓફર

LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ

MI-GL

**બીના ઈલેકટ્રોનિકસ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.